# વાયડામિત્ર

વર્ષ : ૯૯ અંક : ૯ સપ્ટેમ્બર- ૨૦૨૧

કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)

## ગણેશ ચતુર્થીની શુભેચ્છાઓ




Mandala Art By Priyal Bhavesh Shah - Sta 9

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**સપ્ટેમ્બર - ૨૦૨૧, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૯, અંક–૯**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.



## જીવનયાત્રા

બે આંગળીઓ પકડી, ડગમગ ડગમગ ચાલતાં ચાલતાં,
ઘરમાં કિલકારીઓ કરતાં, બાળપણ મારું ખોવાઈ ગયું.
દફતર મૂકી સાયકલ ઉપર, સ્કૂલે જતી ભણવા,
ટીચર, પરીક્ષા અને બહેનપણીઓ વચ્ચે, શાણપણ મારુ ખોવાઈ ગયું.
કોલેજ આવી ભાઈ!, નવી જ જાણે કે કોઈ દુનિયા જોઈ,
ઉમંગ અને આઝાદીની એ જીંદગી ની વચ્ચે, યૌવન મારું ખોવાઈ ગયું.
પછી કોઈ નવું જ આવ્યું જીંદગીમાં, હસતાં રડતાં જોડે મજા આવી જીવવાની,
જાણે, લાગ્યું કે ઘણું બધુ પાછળ છુટી ગયું.
નવા જ ઘરમાં, સાસુ સસરા, દિયર–નણંદ વચ્ચે સંબંધો સાચવતા,
લાગ્યું કે બધું જ તો મળી ગયું.
"માં" કહેનારુ કોઈ આવ્યું, જણે કે કંઈક કેટલી ખુશીઓ લાવ્યું,
એના સ્પર્શ અને હાસ્યથી, માતૃત્વ જાણે તૃપ્ત થઈ ગયું.
અત્યારે વિચારુ તો થાય છે, આટલા બધા વર્ષો,
આ બધુ પામતા પામતા સ્ત્રી તરીકેનું 'અસ્તિત્વ' જાણે ખોવાઈ ગયું.

**– મેઘા પરીખ**
**ઓસ્ટ્રેલીયા**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# આપણી સમસ્યાઓ



આપણા નેતાઓના અથાગ પરિશ્રમ અને બલિદાન તેમ જ અનેક યાતનાઓ બાદ અંગ્રેજોની ગુલામીમાંથી આપણે આઝાદ થયા. પણ શું તે સાચા અર્થમાં સાર્થક છે? અંગ્રેજોએ આપણા દેશને ખોખલું બનાવી દીધું છે. તેમણે ભારત છોડયું પણ આપણા દેશની પ્રજામાં હિંદુ, મુસ્લિમ, છૂત – અછૂત એવા ભેદભાવ અને વૈમનસ્ય મૂકતા ગયા. કાશ્મીર પ્રશ્ન હજુ પણ વણઉકેલ્યો જ છે અને ક્યારે ઉકેલાશે તે પણ નક્કી નથી. પૃથ્વીના સ્વર્ગ સમાન કાશ્મીરને આતંકવાદીઓએ તથા દેશ વિરોધી તત્ત્વોએ નરક બનાવી દીધું છે. આપણા હિંદુઓ તથા શિખો જે પાકિસ્તાનમાં છે તેને ઘણી યાતનાઓ ભોગવવી પડે છે. તેઓને ત્યાંની ગર્વમેન્ટ તરફથી કાંઈ રક્ષણ કે સુવિધા મળતી નથી. ત્યાં હિંદુ છોકરીઓને જબરજસ્તીથી મુસ્લીમ છોકરાઓ સાથે લગ્ન કરવાની ફરજ પાડવામાં આવે છે. ત્યાં હિંદુઓ માટે હજુ ગુલામી જ છે. હિંદુઓ માટે કોઈ આઝાદી નથી. જ્યારે આપણા દેશમાં મુસ્લિમ ભાઈ, બહેનો સુરક્ષીત છે. તેમને અહીંના કાયદા કાનુનના બધા લાભ મળે છે. એમના ધર્મ પ્રત્યે પણ આપણે માનની દષ્ટિથી જોઈએ છીએ.

આઝાદી પછી દેશમાં ભ્રષ્ટાચાર, લાંચ, રૂશ્વત, મોંઘવારી, બેકારી, વસ્તીવધારો, ભૂખમરો જેવી સમસ્યાઓ વધી છે તે માટે કોણ જવાબદાર છે ? વળી દરેક ચીજ જેવી કે દૂધ, દહીં, ઘી, માવાની મીઠાઈ, તેલ, પેટ્રોલ વિગેરેમાં ભેળસેળ કરવામાં આવે છે. આવી ખાવાપીવાની તેમજ જીવન જરૂરિયાત ચીજોમાં ભેળસેળ કરનારને સખ્તમાં સખ્ત સજા થવી જોઈએ. આ માટે કડકમાં કડક કાયદા હોવા જોઈએ.

હાલમાં કોરોનાએ જોર પકડ્યું છે. આ રોગથી ઘણાએ જીવ ગુમાવ્યા છે. પરંતુ કેટલાક માનવતાના દુશ્મનો ઈન્જેક્શન, ઓક્સિજન સિલિન્ડર તથા કોરોનાની દવાના કાળાબજાર કરે છે અને લોકો પાસે ધૂમ પૈસા પડાવે છે. આમા મોટા માથા, હોસ્પિટલ, ડોક્ટર, નર્સો પણ સામેલ હોય છે. વળી દવા તથા ઈન્જેક્શનનો બનાવટી ધંધો પણ

મોટા પ્રમાણમાં ચાલે છે. લોકો બિચારા ગરજના માર્યા વધારે પૈસા આપીને ઈન્જેક્શન તથા ઓક્સિજન સિલિન્ડર લેવાની ફરજ પડે છે. ગર્વમેન્ટે આવા તકવાદી તથા માનવ વિરોધી તત્ત્વો સામે સખ્તમાં સખ્ત પગલા લેવા જોઈએ. જાહેર જનતાએ પણ આવા તત્વોને ખુલ્લા પાડી સખ્ત પગલા માટે ગર્વમેન્ટને સાથ આપવો જોઈએ.

બેંકમાં સાધારણ માણસને પાંચ – દસ લાખની લોન જોઈતી હોય તો લોન લેવા માટે ઘણા ડોક્યુમેન્ટસની માંગણી કરવામાં આવે છે તથા સેકડો સવાલો પૂછવામાં આવે છે અને આટલું કર્યા પછી પણ ધક્કા ખવડાવવામાં આવેલ છે. મહામુસીબતે લોન મળે છે. જો લોનના હપ્તા ચુકવવામાં થોડું પણ મોડું થાય તો તેમને હેરન પરેશાન કરવામાં આવે છે. જ્યારે લાગતા વળગતા મોટા પૈસાદાર અથવા પહોંચવાળાઓને લાગવગથી તેમજ પૈસા ખવડાવીને પણ કરોડો રૂપિયાની લોન સહેલાઈથી મલી જાય છે. જ્યારે લોનના હપ્તા ચૂકવવાનો સમય થાય છે ત્યારે હપ્તા ભરવા માટે થાગા થૈયા કરે છે અન લોનની રકમ ચૂકવતા નથી તેઓ પરદેશ ભાગી જાય છે અને આમા બેંકના સત્તાવાળા કશું કરી શકતા નથી. કેટલીકવાર બેંકને રાતાપાણીએ નાહવાનો વારો આવે છે.

વધારે તકલીફ તો પ્રાઈવેટ કંપનીમાંથી જે માણસ રીટાયર્ડ થાય છે તેમને છે. કંપનીમાંથી ગ્રેજ્યુટી તથા પ્રોવિડન્ટ ફંડ મળે છે તે રકમ પાછલી જીંદગીમાં ખર્ચને પહોંચી વળવા પૂરતી હોતી નથી. બેંક તથા પોસ્ટમાં વ્યાજના દર ફીક્સ ડીપોઝીટ પર ઘણા ઓછા ૬ થી ૭ ટકા મળે છે. જે ખર્ચના બે છેડા ભેગા કરવા ઘણા જ મુશ્કેલ છે. મોંઘવારી તો દિવસે દિવસે વધતી જ જાય છે. જ્યારે ગર્વમેન્ટમાંથી જે માણસ રીટાયર્ડ થાય છે તેને પેન્શનનો લાભ મળે છે એટલે તેઓને પાછલી લાઈફમાં એટલી મુશ્કેલી પડતી નથી. જ્યારે પરદેશમાં દરેક નાગરિકનો દવાનો તથા હોસ્પિટલનો ખર્ચ ગર્વમેન્ટ ભોગવે છે અને નિવૃત્ત વ્યક્તિને પેન્શનની સગવડ પણ સરકાર કરે છે. એટલે પરદેશમાં નિવૃત્ત સીનીયર સીટીઝન માણસ ટેન્શન રાખ્યા વગર સારી રીતે જીવન જીવી શકાય છે તેમને કોઈના પર આધાર રાખવો પડતો નથી.

ભણતર બાબતમાં ગરીબો માટે બહુ જ અઘરું થઈ ગયું છે. ગરીબનો છોકરો વધારે ટકાથી પાસ થયો હોવા છતાં તેને મેડીકલ કે એન્જીનીયરીંગમાં ડોનેશનના

અભાવે પ્રવેશ મળતો નથી જ્યારે પૈસાવાળાના છોકરામાં ઓછા ટકા હોય તો પણ તેને મોટા ડોનેશન તથા લાગવગથી સહેલાઈથી પ્રવેશ મળી જાય છે. ગરીબ માણસનો છોકરો પૈસાના અભાવે આગળ વધી શકતો નથી.

કુમળી બાળા, છોકરીઓ તથા પુખ્ત સ્ત્રીઓ પર અત્યાચાર વધી ગયા છે. આબરૂ જવાની બીકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવતી નથી અને જો કેટલાક કેસોમાં ફરિયાદ કરવામાં આવે તો સામા પક્ષે પૈસાના જોરે, લાગવગથી તેમ જ ગુંડાગર્દીથી ધાકધમકી આપી માંડવાળ કરવામાં આવે છે. જો કોઈ કેસમાં કોર્ટમાં કેસ કરવામાં આવે તો કોર્ટમાં કેસ લાંબો સમય ચાલે છે. કોર્ટના ધક્કા ખાવા પડે છે અને વકીલની ફીનો ખર્ચ કરવો પડે છે. જે સાધારણ માણસને પોષાય તેમ નથી. આખરે આબરૂ જવાની બીકે પણ માંડવાળ કરવી પડે છે. સામા પક્ષવાળાને મોકળું મેદાન મળી જાય છે.

આપણા દેશમાં દહેજ વિરોધી કાયદો છે પણ આપણે જોઈએ છીએ કે ગરીબ, સાધારણ માણસો પોતાની પુત્રીને દુ:ખ ના પડે તે માટે પોતાના ઘરેણા જમીન યા મકાન વેચીને છોકરીઓને દહેજ આપે છે. ભૂખ્યા તથા લાલચુ માણસો લગ્નને થોડા સમય પછી પૈસાની વારંવાર માંગણી કરે છે અને છોકરીઓના મા–બાપ તરફથી માંગણી ના સંતોષાય તો છોકરીઓને મારઝુડ કરે છે અને અસહ્ય ત્રાસ આપે છે. તેમ જ છૂટાછેડા આપવાની બીક બતાવે છે. કેટલાક કિસ્સામાં છોકરીઓ આપઘાત કરવા મજબૂર બને છે. આવા પૈસા ભૂખ્યા માણસોને ગર્વમેન્ટે અને સમાજે બરાબર પાઠ ભણાવવો જોઈએ.

આપણને ટીવી તથા ન્યુઝ પેપર મારફત જાણવા મળે છે કે નાના છોકરા તથા છોકરીઓનું અપહરણ થઈ ગયું. કેટલીક એવી સક્રિય ગેંગ છે તે આવા ધંધા મારફત બાળકોને ગુમ કરી દે છે. કેટલાક કિસ્સામાં જો પૈસાદારનો છોકરી કે છોકરો હોય તો છોડવા માટે માતબર રકમ માંગવામાં આવે છે. કેટલાક કિસ્સામાં તેમને ભીખ મંગાવે છે અથવા તેમને વેચી દેવામાં આવે છે આવા લોકોને સખ્ત સજા કરવામાં આવવી જોઈએ.

અભણ લોકો પાસે ખોટી સહી કરાવીને જમીન, ખેતર, મકાન વિગેરેના ખોટા દસ્તાવેજ બનાવીને છેતરપીંડી કરનાર વર્ગ પણ વધી ગયો છે. બિલ્ડરો પણ ગરીબ ખેડૂતો પાસેથી મામુલી રકમ આપ જમીન ખરીદી લે છે અને તેઓ લોભામણી યોજનાઓ

મૂકીને લોકોને આકર્ષે છે અને અઢળક નાણાં કમાય છે. ઘણીવાર તો બોગસ બિલ્ડરો અડધી યોજના મૂકી ફરાર થઈ જાય છે. પરિણામે મધ્યમવર્ગ કે ગરીબ લોકોએ મહામહેનતે  થોડી ઘણી મૂડી ભેગી કરીને મકાન માટે પૈસા રોક્યા હોય તેમને રડવાનો વારો આવે છે.

હાલમાં લે ભાગુ જ્યોતિષિઓ, ઢોંગી સાધુઓ તથા ગામડામાં ભૂવાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. ગરજના માર્યા અને દુઃખી લોકોને આ લોકો નિશાન બનાવે છે અને પૈસા પડાવે છે. લાંબા ગાળે પણ પરિસ્થિતિમાં સુધારો થતો નથી અને તેઓને પાછળથી છેતરાયાનો અહેસાસ થાય છે.

આપણે ગાયને માતા તરીકે માનીએ છીએ અને તેની પૂજા કરીએ છીએ. પરંતુ આપણા દેશમાં જ આ પવિત્ર માતાની ખુલ્લેઆમ કતલ કરવામાં આવે છે અને તેનું માસ પણ આરોગાય છે. આપણા દેશમાં કાયદા છે તેમ જ ગૌમાતાની રક્ષા કરવા માટે કેટલીક સંસ્થાઓ છે પણ તે છતાં યોગ્ય પગલા લેવામાં આવતા નથી એ આપણી લાચારી છે.

વિદેશમાં આપણા દેવી દેવતાઓ તથા આપણા રાષ્ટ્રધ્વજનું અપમાન કરે છે પરંતુ આપણે તેનો વિરોધ કરી બેસી રહી છીએ. કોઈ નક્કર પગલા લેવામાં આવતા નથી. ધાર્મિક સંસ્થાઓ, રાષ્ટ્રપ્રેમિઓ અને ગર્વનમેન્ટ પણ ખાસ કાંઈ કરી શકતી નથી. એમાં  આપણી કાયરતા અને લાચારી છે. શું આપણને આપણા ભગવાન પ્રત્યે અને દેશ માટે શ્રધ્ધા કે માન નથી ? બહારના માણસો અપમાન કરે તે ક્યાં સુધી સહન કરવું ?

હવે સમાજના દરેક વર્ગે જાગૃત થવું પડશે અને સરકારે પણ કાયદામાં સુધારા વધારો કરવાનો સમય પાકી ગયો છે. ન્યાયતંત્ર પણ મજબૂત બનાવવું પડશે દેશ વિરોધી અસામાજીક તત્ત્વોને દૂર કરી નવી દિશા ચીંધવી પડશે. દેશનું ભાવિ મજબૂત બનાવવું પડશે તો જ સાચા અર્થમાં દેશભક્તોએ આપેલું બલિદાન સાર્થક નિવડશે.

**– પરિમલ એન. શાહ, ભરૂચ**

**(મો.) ૯૭૨૪૪ ૬૫૯૭૪**

# સ્વામી અનુભવાનંદજી



કેલીફોર્નીયા અમેરિકાનું સૌથી સમૃદ્ધ રાજ્ય છે. તેમાં સાનફ્રાન્સીસ્કોથી સાન હુઝે સુધીનો વિસ્તાર Bay Area તરીકે ઓળખાય છે. તે વિસ્તાર કોમ્પ્યુટર ઉદ્યોગથી ધમધમતો છે. આ વિસ્તાર પર કુદરતની અપાર કૃપા છે. અહીં દરિયા છે, પર્વતો છે, હરિયાળી છે, બારે માસ ખુશનુમા વાતાવરણ છે.

સનીવેલ આ વિસ્તારનું એક નાનકડું રમણિય નગર છે. તેમાં એક હિંદુ મંદિર આવેલું છે. વિશાળ મંદિર છે. દરેક દેવદેવીઓની તેમાં સ્થાપના છે. ગણપતિ છે, શિવજી છે, શ્રીકૃષ્ણ અને રામજી પણ છે, તો અંબા માતા, કાલિકા માતા, લક્ષ્મીજી પણ છે. મંદિરને સંલગ્ન હોલ છે અને ઓડીટોરીયમ પણ છે.

૨૦૦૩ની સાલમાં જૂન માસમાં હું સનીવેલમાં હતો ત્યારે મંદિરમાં તા. ૮ થી ૧૧ જૂન દરમિયાન રોજ સાંજના ૭–૦૦ થી ૮–૩૦ના સમયે પૂ. સ્વામીશ્રી અનુભવાનંદજીના પ્રવચનો ગોઠવાયા હતાં. શ્રી રમણ મહર્ષિના 'ઉપદેશસાર'ના ૩૦ શ્લોકોનો આધાર લઈ સ્વામીજીએ સરળ અંગ્રેજી ભાષામાં, ખૂબ જ રમુજી સ્ટાઈલમાં, બધાને હસતાં–હસાવતાં, મઝાક કરતા, ખૂબ જ ગહન અને ગંભીર વાતો સમજાવી. 'ઉપદેશસાર'ને ૪ વિભાગમાં વહેંચી તેમણે રોજ ૭૦ થી ૮૦ મિનિટ એકધારું મનનીય પ્રવચન કરી દરેક વ્યક્તિને તન્મય કરી દીધાં.

મેં ચારેય પ્રવચનો ધ્યાનપૂર્વક સાંભળ્યા અને ટુંકી નોંધ કરી. આજે પણ એ નોંધ પ્રસ્તુત છે તેથી રજૂ કરું છું.

પ્રથમ પ્રવચનમાં તેમણે કર્મ વિશે સમજાવ્યું. તેમણે કહ્યું–'કર્મની પાયાની વાત ગીતામાં છે. ફળની આશા વગર કર્મ કરવું.' સ્વામીજીએ ઊંડાણથી સમજાવ્યું કે કેવાં કર્મો કરવા, કોના માટે કરવા, કયા ભાવથી કરવા, તેમણે કહ્યું,–'પ્રભુને સમર્પિત કરવા માટે ઉત્તમ કાર્યો કરો. દરેક નાનું કાર્ય, સામાન્યમાં સામાન્ય લાગતું કાર્ય પણ પ્રભુની પૂજા જ છે તેમ સમજીને હસતાં હસતાં અને આનંદપૂર્વક કરવું જોઈએ.' તેમનાં ગુરુનો દાખલો આપતાં કહ્યું કે–'કોઈ કાગળ ફાડવાનો હોય તો પણ તેમના ગુરુ સરસ રીતે ઘડી વાળી કલાત્મક રીતે કાગળને ફાડતાં.' સ્વામીજી કહે છે 'તે વખતે મને કાગળ બની જવાનું

મન થતું.'

બીજા પ્રવચનમાં સ્વામીજીએ સજાવ્યું કે કર્મ કરવા માટે સજ્જતા કેળવવી પડશે. આ સજ્જતા અભ્યાસથી આવશે. મોટર ચલાવવા કે કોમ્પ્યૂટર વાપરવા આપણે તાલીમ લઈએ છીએ. પરંતુ જીવનનાં કાર્યો કરવા માટે તાલીમ લેતા નથી. યમ, નિયમ અને ધ્યાનને સરળ શબ્દોમાં સમજાવીને તેમણે કહ્યું કે જાતજાતના આસનો એ યોગ નથી. માત્ર સ્થિર થઈને બેસો અને તમારા શ્વાસ-ઉચ્છવાસની પ્રક્રિયાને નિહાળ્યા કરો. મનને શાંત કરતા જાઓ. મનને વિચારમુક્ત કરતા જાઓ.

ત્રીજા પ્રવચનમાં તેમણે મનની ભૂમિકા સમજાવી તેમણે કહ્યું કે, એક રીતે જોવા જઈએ તો મન જેવું કાંઈ નથી, માત્ર વિચારોનો પ્રવાહ છે. 'It is Interaction between objective and subjective thoughts' તેમણે કહ્યું કે મનને ભેદભાવની ભૂમિકામાંથી બહાર લાવવું પડશે. જ્યારે તમે duality ને દૂર કરશો, માત્ર એક જ વસ્તુ છે તેનો સ્વીકાર કરશો ત્યારે 'mid disappears, wisdom remains.' તેમણે કહ્યું કે, અરીસામાં આપણું પ્રતિબિંબ જોઈએ તો એ બીજી વ્યક્તિ નથી. આપણું પ્રતિબિંબ જ છે. તેથી જોનારો અને જે દેખાય છે તે એક જ છે તેવો અનુભવ થવો જોઈએ. મનની આ ભૂમિકામા 'duality of seer & seen disappears'.

છેલ્લા પ્રવચનમાં તેમણે સત્ ચિત અને આનંદને સમજાવતા કહ્યું કે વાસ્તવમાં સત્ અને ચિત, Truth & Consciousness જુદાં નથી. Consciousness એ જ Truth છે. તેમણે કહ્યું કે જીવનનું ધ્યેય, જીવનો સ્વભાવ આનંદ છે. તેમણે કહ્યું કે તમારામાં અને ઈશ્વરમાં પણ ભેદ નથી. પ્રાણીમાત્રમાં ભેદ નથી એ ભૂમિકા કેળવવી પડશે. ત્રણ બાબતો ધ્યાનમાં રાખો. (૧) Learn not to react (૨) સુખ, દુઃખ, જય, પરાજય, લાભ-હાનિ દરેક બાબત સરખી રીત લો. (૩) Ego is to be liquidated - અહ્મનો ત્યાગ કરો. તેમણે કહ્યું આનંદ તમારી અંદર પડ્યો છે. સુખ અને આનંદને બહાર શોધવા જનારા નિરાશ થયા છે. આપણે નક્કી કરીએ કે આપણે સુખી થવું છે તો કોઈ આપણને દુઃખી કરી શકશે નહીં.

સમાપન કરતાં તેમણે કહ્યું કે આપણે જે શબ્દો બોલીએ, જે કાર્યો કરીએ, જે પ્રવૃત્તિ કરીએ તે હસતાં હસતાં, પ્રેમપૂર્વક અને આનંદપૂર્વક કરીએ. નિરાશ થઈને, કંટાળા સાથે, વેઠ સમજીને ન કરીએ. આપણી મહત્તમ શક્તિથી અને પૂરા આત્મવિશ્વાસથી ઉત્તમોત્તમ કરીએ. સૌથી અગત્યની વાત આપણા અહ્મને વચ્ચે લાવ્યા વગર કરીએ તો

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

પ્રત્યેક દિવસ ઉત્સવ બની જશે.

૭૦ વર્ષની ઉંમર છતાં સ્વામીજી તેમની અસ્ખલિત વાણીમાં, હસતાં હસતાં, વચ્ચે વચ્ચે મઝાક કરીને ખૂબ જ ગંભીર વાતો કરતા રહ્યાં હતાં. તેમની આ અદ્‌ભૂત વક્તૃત્વ શક્તિ અને જ્ઞાનને કારણે દુનિયાભરમાંથી તેમને આમંત્રણો મળે છે. દુનિયાના ઘણાં દેશોમાં તેમણે વારંવાર પ્રવચનો કર્યા છે.

છેલ્લા દિવસે સૌએ વારાફરતી તેમની નજીક જઈ વંદન કર્યા. તેમણે વ્યક્તિગત રીતે દરેકને એક પુસ્તક અને પ્રસાદનું પેકેટ ભેટ આપ્યાં. તેમની સમીપ જઈ વંદન કરતી વખતે તેમનાં ચેહરા પરનું હાસ્ય અને બાળક સહજ નિર્દોષતા સ્પર્શી ગયા. આ ચાર દિવસ જીવનનું સંભારણું બની ગયા.

**– શરદભાઈ શાહ, મહેસાણા**

**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

**કલ્પના**

**(ગઝલ)**

શ્વાસ પર લખતો ગયો હું નામ તારું, કલ્પના !
કાળ પણ ભૂંસી શકે ના, નામ તારું, કલ્પના ! (૧)
આંખ ખુલ્લી રાખતો હું રાતભર જાગી રહ્યો !
પ્રાણ પર લખતો ગયો હું નામ તારું, કલ્પના ! (૨)
અક્ષરો બત્રીસ ઘૂંટી ભાવ ઝરતી ચાંદની,
આભમાં લખતો ગયો હું નામ તારું, કલ્પના ! (૩)
ઈશ્વરી સંકેત કે જન્મોજન્મની પ્રીત છે ?
રેત પર લખતો ગયો હું નામ તારું, કલ્પના ! (૪)
સીપમાં મોતી સમો આ પ્રેમ તો રસરૂપ છે,
પાન પર લખતો ગયો હું નામ તારું, કલ્પના ! (૫)
તું સકળ બ્રહ્માંડનું સર્વાંગ સુંદર રૂપ છે,
સૂર્ય પર લખતો ગયો હું નામ તારું, કલ્પના ! (૬)

**– ઉપેન્દ્ર શેઠ 'શકુંત'**

ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

## છ શબ્દોની વાર્તા !



છ શબ્દોની વાર્તા ! આટલા ટૂંકાણમાં વાર્તા કહી શકાય ? શું આ શકય છે ? આમાં વાર્તાતત્ત્વ હોય ? પ્રથમ નજરે અશકય લાગે પણ હકીકત છે.

૧૯૨૦માં અમેરિકન લેખક અર્નેસ્ટ હેમિંગ્વે અન્ય લેખક મિત્રો સાથે ન્યૂયોર્કની અલ્ગોનકવીન રેસ્ટોરન્ટમાં લંચ કરી રહ્યા હતા ત્યારે શરત લાગી કે માત્ર છ શબ્દોમાં જ વાર્તા કહેવી. આટલા ટૂંકાણમાં વાર્તા કહેવી અઘરી હતી પણ હેમિંગ્વેએ પડકાર ઝીલી લીધો. થોડો વિચાર કરી પેપર નેપકીન પર તેમણે લખ્યું– “For Sale, Baby Shoes, Never Worn (વેચવાનાં છે, બાળકના પગરખાં, બિલકુલ વણવપરાયેલ) અન્ય લેખક મિત્રો સ્તબ્ધ બની ગયા હેમિંગ્વે શરત જીતી ગયા.

આ છ શબ્દોની વાર્તાએ વાચકને ભાવુક કરી દીધા. આ કવિતા જેવું લાગે છે. ઘણીવાર તે હાઇકુ કરતાં ય નાની હોય છે. ગઝલના એક શેરમાં પણ વાર્તા હોઈ શકે. આદિલ મનસુરીએ લખ્યું–‘ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો.’ મજરૂહ સુલતાનપુરીએ લખ્યું–લિખા હે તેરી આંખોમેં કિસકા અફસાના.’

વાર્તા આપણને ગમે છે કારણકે આપણે નાના હતા ત્યારે પહેલું સાહિત્ય જે કહેવાયું એ વાર્તા હતી. માનું હલારડું એ માતાએ કહેલી વાર્તા જ છે ને !

ફિકશન એટલે કલ્પનામાંથી જન્મેલી વાત કે કથન, નવલકથાનું સાહિત્ય, વાર્તાલેખન, ટૂંકી વાર્તામાં ૧૫૦૦ થી ૭૫૦૦ શબ્દોનો સામાન્ય રીતે નિયમ હોય છે જો કે તેમાં કયારેક ઓછા કે વધુ શબ્દો હોઈ શકે છે. તેનાથી વધુ શબ્દો હોય તો તે લઘુનવલ કે નવલિકાનું સ્વરૂપ લે છે. શબ્દોની સંખ્યા ૫૦,૦૦૦ જેટલી હોય તો તે નવલકથા કહેવાય.

આજકાલ મોબાઈલ ફોનનું ચલણ વિશ્વવ્યાપી થઈ ગયું છે. હવે ટુકું હોય એ જ વંચાય છે. લાંબી નવલકથા વાંચવાનો કોઈને સમય જ નથી. લોકો વાંચવા માંગતા પણ નથી. ફેસબુક અને વોટસઅપ અને ટવીટર પર ટૂંકાણમાં લોકો પોતાના વિચારો વ્યકત કરે છે.

હાલ માઈક્રોફિક્શનનું ચલણ વધ્યું છે. માઈક્રો એટલે નાનું. માઈક્રોફિક્શન એવો પ્રકાર છે જેમાં ૫૦૦ કે તેથી ઓછા શબ્દોમાં ઘણું કહી દેવું ! જેમાં શરૂઆત હોય, અંત હોય, મધ્ય હોય, પાત્રો હોય, વાર્તામાં અચાનક વળાંક આવે, અંત સારો પણ હોય અને ગંભીર પણ હોય !

પણ હવે માત્ર છ શબ્દોમાં જ ઘણું બધું કરી દેવાનો પ્રકાર – નેનો ફિક્શન આવ્યો છે. જેમાં માઈક્રોફિક્શન કરતાય સાવ નાનકડી વાત છે. તેને ફ્લેશફિક્શન પણ કહે છે. આ છ શબ્દોમાં હીરો છે, વિલન છે, જીત છે, હાર છે, તેમાં એક્શન હોવું જોઈએ. કોઈ નિષ્કર્ષ હોવો જરૂરી છે.

વિલીયમ શેક્સપીયરનું પ્રખ્યાત વાક્ય છે –'To be or not to be.' તે પણ છ શબ્દોનું જ છે. તેમાં અર્થ છે અને આ વાક્ય મૂંઝવણ કે અસમંજસની સ્થિતિનું નિરૂપણ કરે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું–'If you can't explain it simply, you don't understand it well enough.' વાત ટૂંકાણમાં રજૂ કરીને સરળ રીતે સમજવાની છે.

૨૦૦૬માં લેરી સ્મિથ અને રસેલ ફર્શોલીહે પોતાના 'સ્મિથ' મેગેઝીનમાં એક સ્પર્ધા રાખી હતી અને પોતાના જીવનની કથા છ શબ્દોમાં લખવાનું વાચકોને આમંત્રણ આપ્યું. ઘણા નવોદિતોએ તેમાં ભાગ લીધો અને આ પ્રકાર ધીમે ધીમે લોકપ્રિય થવા માંડયો. છ શબ્દોમાં ઘણું બધું કહી દેવું એ પણ એક કળા છે. એક લેખકે કહ્યું–'મને નવાઈ લાગે છે, માત્ર છ શબ્દોમાં ઘણું બધું કહી દેવાનું હોય તો હું શા માટે આટલો બધો સમય વેડફી રહ્યો છું?'

૨૦૦૯ના ફેબ્રુઆરી માસમાં એક ટેલિવીઝન શોમાં એક વાચકે પોતાની એક વાર્તા કહી. વાર્તા સાંભળીને બધા સ્તબ્ધ બની ગયા. તેણે સત્ય ઘટનાને સરસ રીતે ઉજાગર કરી હતી. એ વાર્તામાં લાઘવ હતું, લાગણી હતી, સંવેદના હતી.

અને મારી માતાની સ્યુસાઈડ નોટ મળી !<br>
ફૂલો નહીં, સ્મશાનયાત્રા નહીં કશું નહીં.

ખૂબ ઓછા પણ કાળજીપૂર્વક પસંદ કરેલા શબ્દોમાં આખી વાત કહી દીધા પછી બીજું કશું કરવાનું રહેતું નથી.

તમે સમાચારપત્ર, સામયિક, પુસ્તક, નાટકના શીર્ષક કે હોર્ડીંગ વાંચતા હોય ત્યારે તેમાંથી એક વાક્ય, જેમાંથી અર્થ નીકળતો હોય તેવું, થોડો ફેરફાર કરીને બનાવીને,

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

રજૂ કરી શકાય છે. આ લખનારે કેટલાક વાકયો તૈયાર કર્યા છે જેમાં આખું વાર્તાતત્ત્વ આવી જાય છે.

રૉંગ નંબર – અવાજ જાણીતો જણાતો હતો
અને એકાએક આપણે અજાણ્યા બની ગયા
એક હસતો ચહેરો, એક ભાંગેલુ હૈયું
ત્યારે સ્વપ્ના જરૂરી હતા, પૈસા નહીં
યાદ કર, તું મારી દુનિયા હતી
મેકઅપ પહેલા તું ખરેખર સુંદર હતી
તે ભૂલી ગયો તેને ડીમેન્શીયા છે
વેચવાના છે સ્કાયબૂટ ! જોઈએ છે વ્હીલચેર
મેરીટ નિષ્ફળ રહ્યું, અનામત જીતી ગઈ
કુંડળી મળી, વિચારો નહીં. જયોતિષશાસ્ત્ર જીત્યું
હા, મેં તને ચાહી છે જિંદગી
મેં પૂછયું, તમે મૌનથી જવાબ આપ્યો
ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં ફંગોળાતો રહ્યો
તેણે નિષ્ફળતા જોઈ, મેં તક જોઈ
વિરહની વાત કેવી સલૂકાઈથી કરી છે !
કયારેક જીતો છો, કયારેક શીખો છો
મારી આ જિંદગી મને મંજૂર નહોતી
મેં તો ચૂપ ચૂપ ચાહ રહી
હવે ઘેર જાઉં છું, મહેમાન બનીને
બધામાંથી મેં તને એકલાને પસંદ કર્યો
ગઈકાલે હું જુદો જ માણસ હતો
ફાસ્ટ ફૂડ, ફાસ્ટ કાર, ફાસ્ટ ડેથ
હું તેને પ્રેમ કરતો, તેને ખબર નથી
મેં પ્રયત્ન કર્યો, નિષ્ફળ ગયો, દિલગીર
આપણે છૂટા પડવા જ મળ્યા હતા

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

તેનું હાસ્ય હંમેશા મારા આંસુ રોકતું
ખાલીપણું વળી આટલું ભારે કેમ હશે !
અને તે દિવસે સૂર્ય આથમ્યો જ નહીં.
તેને પહેલો શ્વાસ, તેણીનો છેલ્લો શ્વાસ
એન્ગેજમેન્ટની વીંટીમાં શું રીટર્ન પોલિસી છે?
તેણે દહેજ લીધું, તેણીએ ભરણપોષણ માંગ્યું
ગંભીર રોગનું નિદાન, અમે લગ્ન કર્યા
કેન્સર, ત્રણ મહીના બાકી, ગર્ભવતી સ્ત્રી
તને યાદ નહીં કરવાનું વિચાર્યું પણ..
છેલ્લા શબ્દો – હું આવતીકાલે તે કરીશ.
ગળતું જામ પીવામાં ઉતાવળ કરો મરીઝ
દરિયા તરફ મેં આંગળી ચીંધી હતી
લાઈક મળ્યાં, એકપણ સાચો મિત્ર નહીં
લગ્ન સમારંભમાં કોઈએ ફોટોગ્રાફરનો ફોટો પાડયો
તારું નામ હૈયામાં દર્દ કરે છે.
સમય બદલાયો છે, સાથે હું પણ.
બે જામ ભર્યા, પછી યાદ આવ્યું
બસ, હું તો ફરવા આવ્યો છું

હવે તૈયાર થઈ જાવ. કલ્પનાશીલતાને કામે લગાડીને અર્થસભર વાકય બનાવો. મજા આવશે.

– હિમાંશુ શાહ, અમદાવાદ
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શબ્દ – સરોવરમાં ડૂબકી.....૬



આજે વાત કરવી છે તે વાત, આજની જે કવિતામાંથી પસાર થશે, જે એક ગીત સ્વરૂપે છે. ઘણાં દાયકાથી પદ્યક્ષેત્રે સાહિત્ય પ્રદાન કરનાર સ્વ. ગુણવંત ઉપાધ્યાયની એક સુંદર "સ્વ"નો અર્થ ધરાવતી રચના "પડછાયા" આજની આપણી વાતના પ્રવાહમાં એકરૂપ થઇને આવશે.

સ્વ. ગુણવંત ઉપાધ્યાય છેલ્લા ૪૫ વર્ષોથી ગુજરાતી સાહિત્યમાં પોતાનું અપ્રતિમ યોગદાન આપી રહ્યા હતાં. તાજેતરમાં કોરોનાથી ભાવનગર ખાતે તેમનું ૭૨ વર્ષની વયે અવસાન થયું. કવિને આ શબ્દ સરોવરમાં ડૂબકી ધારાવાહિકથી શ્રદ્ધાંજલિ.

પડછાયો સંપૂર્ણ અને સનાતન રીતે અભિવ્યક્ત અને વિશ્વસનીય છે. પડછાયાની ક્યાં કોઈ ભાષા છે ! જેને આપણે આપણામાં જોઈ શકતા નથી ! કારણકે કોઈ પણ વર્ણનો માનવી હોય, તેનો પડછાયો તેની જ પાછળ, કાળો જ હોય છે. એટલે કે પડછાયો સર્વવ્યાપી છે, ભેદ વગરનો છે, પ્રકાશ ઓછો હોય કે વધારે પડછાયાને શું ફરક પડે છે? સ્વયંના પડછાયાને ઘણી બધી રીતે અવલોકે છે, આપણે એ પણ જાણીએ છીએ કે પડછાયો ક્યારેય ઉજળો નથી થવાનો. છતાંય એ પડછાયો ક્યારેય આપણાથી અલગ નથી થવાનો અને તેના જેવો સંગાથ બીજા કોઈનોય નથી રહેવાનો !

ધોઈ ધોઈ થાક્યા મારા હાથ રે પડછાયા રાણા!
તોય તમે ઉજળા રે નવ થયા !

બોલે રે; બાંધ્યા'તા અમને બેલીએ
ભેદ ભરમો–કરમોનાં ક્યાંથી ખોલીએ મણમણના કાંઈ મોંએ તાળાં નાથ રે..
પડછાયા રાણા ! અમને તમથી જૂદાં કેમ જાણીયા?

ક્યાંથી રે આવ્યાં ને ક્યાંનાં બેસણાં
પગની પાની; ઘૂંઘટ લગ ઓઢણાં
પહેર્યા પાયલ પગમાં રુમઝુમ સાથ રે.. પડછાયા રાણા!
નાદ ઘૂઘરી તમે નવ સાંભળ્યા !

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

અમે છાની છાતીમાં આંસુ સારીયા
ભીતર જાણી– જોઈ અહિયા ખોલીયા નથી નિવડ્યો તમ જેવો સંગાથ રે...
પડછાયા રાણા! જો કે કાયાની સાથે તમે સંભવ્યા !

ધોઈ ધોઈ થાક્યા મારા હાથ રે પડછાયા રાણા!
તોય તમે ઉજળા રે નવ થયા !........

ફિલોસોફિકલ પરિભાષામાં, પડછાયો માનસિક શબ્દ છે માનવીય વિચારો અથવા બૌદ્ધિક માન્યતાને પાર કરતા, જે કંઇ પણ કલ્પના કરવી અથવા કલ્પના કરવી, જે કંઈ પણ પ્રગટ થઈ થઈ રહ્યું છે, તેના જેવું તો નહીં. સંપૂર્ણપણે સાપેક્ષ સિવાય કંઇક વધુ, સંપૂર્ણપણે અનંત, અમૂર્ત, અને બિનશરતી, સંપૂર્ણપણે યોગ્ય અને અવર્ણનીય!

પડછાયો એ તમારા વ્યક્તિત્વનો એક ભાગ છે જેમાં તમારા પોતાના એવા બધા ભાગોનો સમાવેશ છે કે જેને તમે સ્વીકારી ન શકો. તે અચેતન બાજુ છે. આત્મ–જાગૃત બનવા માટે આપણે ફક્ત આપણી છાયા ઓળખીએ છીએ. કાર્લ યુંગે (જર્મન ફિલોસોફર) પડછાયાને વ્યક્તિત્વની અજ્ઞાત અંધકાર બાજુ હોવાનું જણાવ્યું હતું. પડછાયો સ્વાભાવિક અને અતર્કિક હોવાના કારણે, મનોવૈજ્ઞાનિક પ્રક્ષેપણમાં પણ પરીણમે છે. જેમાં, માનવામાં આવેલી વ્યક્તિગત નિપુણતા કોઈ અન્યમાં માનવામાં આવેલી નૈતિક ખામી તરીકે પણ ઓળખાય છે. પડછાયો આપણાથી ક્યારેય અલગ નથી! પડછાયો આપણી સાથે જ છે! ક્યારેક લાંબો ક્યારેક ટૂંકો પણ અંધારામાં જ અસ્ત!

બોલે રે; બાંધ્યા'તા અમને બેલીએ ભેદ ભરમો–કરમોનાં ક્યાંથી ખોલીએ
મણમણના કાંઈ મોંએ તાળાં નાથ રે.. પડછાયા રાણા!
અમને તમથી જૂદાં કેમ જાણીયા?

આમ જોવા જઈએ તો પડછાયો એ આપણા વ્યક્તિત્વની "ડાર્ક સાઇડ" છે કારણ કે તેમાં મુખ્યત્વે માનવ લાગણીઓ અને શક્તિ માટેના પ્રયત્નોનો સમાવેશ છે. કોઈની છાયાને સ્વીકારતા પહેલા કોઈની છાયા અવલોકન કરવું વધુ સરળ છે. દરેક મનુષ્ય આ માટે સંવેદનશીલ છે. પડછાયાની સાથે કામ કરતો માનવી પડકારજનક પ્રક્રિયા કરી શકે છે. તેનામાં સંવેદનાની ચેતના ભલે ન હોય પણ દિશાનિર્દેશ ની શક્યતાઓ જરૂર છે, તેનામાં પંચેન્દ્રિય ભલે ના હોય સમય બતાવવાની શક્યતાઓ જરૂરથી છે, અને

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

તમને દરેક મુદ્રામાં ઝીલવાની તાકાત પણ !

ક્યાંથી રે આવ્યાં ને ક્યાંનાં બેસણાં  પગની પાની; ઘૂંઘટ લગ ઓઢણાં
પહેર્યા પાયલ પગમાં રુમઝુમ સાથ રે.. પડછાયા રાણા!
નાદ ઘૂઘરી તમે નવ સાંભળ્યા !

તમારા પડછાયાને શોધવો, વધુ અધિકૃતતા, સર્જનાત્મકતા, ઊર્જા અને વ્યક્તિગત જાગૃતિ તરફ દોરી શકે છે. પરિપક્વ પુખ્તતા સુધી પહોંચવા માટે આ આત્મનિરીક્ષણ પ્રક્રિયા આવશ્યક છે (જે મોટાભાગના વિચારો કરતાં વધુ દુર્લભ છે). ચાલો જોઈએ પડછાયો શું છે અને તે કેવી રીતે આવે છે.

આપણા વિશેના આપણી સભાનાવસ્થાથી કંઈ પણ અસંગત, આ ડાર્ક બાજુ તરફ વળે છે. વ્યક્તિગત પડછાયો એ પ્રતિબિંબિત સ્વ છે. આ પડછાયો સ્વયં આપણાં વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે પણ આપણા પોતાના પડછાયાનો ભાવ હોવાનો દાવો કરતા નથી, જેમાં સહજ હકારાત્મક ગુણોનો સમાવેશ થાય છે. આપણા વ્યક્તિત્વના આ અજાણ્યા અથવા જાણીતા ભાગો ક્યાંય સમજી બહાર જતા નથી પણ આપણે જ આંખ આડા કાન કરીએ છીએ. તેમ છતાં, આપણે પડછાયાને કાઢી મૂકવાના પ્રયાસમાં તેને નકારીએ છીએ, તેમ છતાં આપણે તેની પાસેથી છુટકારો મેળવી શકતા નથી. આપણે તેમને દબાવીએ છીએ; તે આપણી અભાન અવસ્થાનો ભાગ છે છતાં ! અસ્વસ્થતા વિશે વિચારવું પડે જેમાં આપણે સભાન પણ નથી.

આપણે પડછાયાને દૂર કરી શકતા નથી. તે આપણા અંધારાના ભાઈ અથવા બહેન તરીકે આપણી જ સાથે રહે છે. જ્યારે આપણને મુશ્કેલી ઊભી થાય છે, ત્યારે એક સાથી તરીકે પડછાયા જ આપણી ડાબી અથવા જમણી આગળ અથવા પાછળ હોય છે.

સંપૂર્ણ પ્રકાશ પણ આપણા માટે આપણી પાછળ તો ડાર્કનેસ છે. સંપૂર્ણ પ્રકાશ અને સંપૂર્ણ ડાર્કનેસ એ વિનિમયક્ષમ શરતો છે, જેમ કે સંપૂર્ણ સભાનતા અને સંપૂર્ણ અસ્વસ્થતા છે. ધીમે ધીમે, ધ્યાનપૂર્વક અને પ્રતિબિંબિત કરવા માટે પડછાયાનું અવલોકન વ્યાજબી છે, કેમ કે આ સત્યો અને ખ્યાલો ક્યારેય બુદ્ધિ અને તર્કિક મન દ્વારા સમજી શકાય નહીં અથવા યોગ્ય રીતે સમજી શકાય નહીં, શુદ્ધ હોવા છતાં તેમાં સમાયેલ તર્ક, આધ્યાત્મિક સમજણને આધ્યાત્મિક વિચારસરણીની જરૂર છે.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અમે છાની છાતીમાં આંસુ સારીયા ભીતર જાણી– જોઈ અહિયા ખોલીયા
નથી નિવડ્યો તમ જેવો સંગાથ રે... પડછાયા રાણા !
જો કે કાયાની સાથે તમે સંભવ્યા !
ગીત પંક્તિઓ "પડછાયા"માંથી
કવિ સ્વ. ગુણવંત ઉપાધ્યાય

**રસદર્શન અને પ્રવાહ સૂત્રધાર : હરીશ શાહ, વડોદરા,**

**મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**
**તંત્રી, Vayconnect**
**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

## મિલન

સ્નેહની વર્ષામાં સતત ભીંજાઈ શકાય
મનમાં ધરતી જેવી તપન અને સહનશીલતા હોવી જોઈએ
સફળતા ચાતકની જેમ વાટમાં બેઠી છે
પ્રયાસોની ધોધમાર વરસવાની તૈયારી હોવી જોઈએ
કટંકોની વચ્ચે રહીને પણ  હાસ્ય કાયમ રાખી શકાય
સૌના પ્રિય પણ રહી શકાય મનમાં ગુલાબ જેવી કોમળતા હોવી જોઈએ
નાની નાની વાતોથી પણ મોટી મોટી ખુશી મળી શકે
મનમાં બાળક જેવી નિર્દોષતા હોવી જોઈએ
મુસીબતોનાં ખડકો વચ્ચેથી પણ ખળખળ વહેતી રહેશે જીંદગી
નદીની જેમ સાગરને મળવવાની ઉત્કટતા હોવી જોઈએ
શ્યામ સાથે મિલન પણ થઈ શકે
બસ અંતરમાં ગોપીઓ જેવી વિરહની તડપ
અને રાધાજી જેવી પ્રણયની પરાકાષ્ઠા હોવી જોઈએ.

**– ભારતી કશ્યપ, નાગપુર**
**મો.: ૯૯૨૩૪ ૩૩૬૪૩**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

# હરિયાળી ક્રાંતિ – ભાગ–૩



ગયા અંકમાં ભારતમાં થયેલી ઘઉંની હરિયાળી ક્રાંતિની ચર્ચા કરી. આ અંકમાં ચોખાની હરિયાળી ક્રાંતિની ચર્ચા કરીશું.

૧૯૬૦ની સાલમાં ફિલીપાઈન્સની સરકાર, ફોર્ડ અને રોકફિલર ફાઉન્ડેશન દ્વારા ફિલીપાઈન્સના મનીલા ખાતે ચોખાનું ઉત્પાદન વધારવા એક આંતરરાષ્ટ્રીય ચોખા સંશોધન કેન્દ્ર – International Rice Research Institute - IRRI શરૂ કરવામાં આવ્યું.

૧૯૬૨ની સાલમાં ડૉ.પીટર જેનીગ્સ – Peter Jenings IRRIમાં કામ કરતાં હતાં. ઉંચા છોડ પવનમાં નમી પડે, વધુ દાણાનું વજનથી નમી ન જાય–તેવી જાતના છોડ માટે બિયારણ વિકસાવવા માટે ચીનથી નીચા છોડ માટે બિયારણ – Dee-geo-woo-gen (DGWG) અને ઇન્ડોનેશિયાથી ચોખાનું વધુ ઉત્પાદન પણ ઉંચા છોડ માટે પેટા–Peta બિયારણ મંગાવવામાં આવ્યા. ડૉ. જેનીગ્સે બંને બિયારણ વાવી ૩૮ ક્રોસ બ્રીડીંગ (પહેલા છોડનું સ્રીકેસર અને બીજા છોડનું પુંકેસર તથા પહેલા છોડનું પુંકેસર અને બીજા છોડનું સ્રીકેસર)ના પ્રયોગો કરી ઓછી ઉંચાઈ અને વધુ ચોખાનું ઉત્પાદન આપતું બિયારણ ઉત્પન્ન કર્યું. ડૉ.જેનીગ્સે કુલ ૧૩૦ બિયારણ મેળવ્યાં. ડૉ.જેનીગ્સે આ બિયારણથી વધુ પ્રયોગો કરી ૧૦,૦૦૦ છોડ મેળવ્યા. આ ૧૦,૦૦૦ છોડમાં ૨,૫૦૦ છોડ નીચા હતા. નીચા અને ઉંચા છોડનું ક્રોસ બ્રીડીંગ કરી ૪ વધુ પાક (Generation) લઈ ચોખાનું વધુ ઉત્પાદન આપતુ IR-8 બિયારણ વિકસાવ્યું. ભારતમાં પણ ૧૯૬૮ની સાલમાં IR-8 બિયારણનો ઉપયોગ કરવામાં આવ્યો. બીજી જાતના ચોખાનો પાક ૧૬૦–૧૭૦ દિવસમાં થતો જયારે IR-8ના બિયારનનો પાક ફક્ત ૧૩૦ દિવસમાં થાય છે. કૃષિવિજ્ઞાની એસ.કે.દત્તા જણાવે છે કે IR-8 બિયારણ વાપરવાથી ખાતર વગર પ્રતિ હેક્ટરે (એક હેક્ટર – ૧૦,૦૦૦ ચોરસ મીટર – ૧,૦૯,૬૩ ચોરસ ફુટ – ૨.૪૭૧ એકર) ૫ ટન પાક ઉતર્યો જયારે બીજા બિયારણથી પ્રતિ હેકટરે દોઢ થી બે ટન ચોખાનો પાક ઉતરતો.

ભારતના કૃષિવિજ્ઞાની ગુરુદેવસિંગ ખુશ ૨૫ વર્ષની ઉંમરે કેલિફોર્નિયા યુનિવર્સીટી માંથી જીનેટીક્સશાસ્ર ના વિષયમાં ડોકટરેટની – Ph.D. પદવી મેળવી ૧૯૬૭ની સાલમાં મનીલા ખાતે IRRIમાં કામ શરુ કરે છે. ૨૫ વર્ષની મહેનત બાદ ડૉ.ખુશ અને તેમના

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સાથીદારો ચોખાનું વધુ ઉત્પાદન આપતી IR-36, IR-64 અને IR-72 જાત વિકસાવે છે. ભારતમાં પણ IR-36, IR-64 અને IR-72 ચોખાનું બિયારણ વાપરવામાં આવ્યું. આ બિયારણથી ચોખાનું ઉત્પાદન વધુ થાય પણ સ્વાદ પહેલાના ચોખા જેવો નહીં. અસલ બાસમતી ચોખા ભવિષ્યમાં જોવા જ નહીં મળે. ભારતમાં પહેલા કુલ ૩૦,૦૦૦ જાતના ચોખા થતા હતા પણ હવે ફક્ત ૧૦ જ જાતના ચોખાનું ઉત્પાદન થાય છે.

૧૯૬૦ની સાલમાં ચોખાનું ઉત્પાદન જે પ્રતિ હેક્ટરે ૨ ટન થતું તે ૯૦ના દસકામાં વધીને ૬ ટન થયું. આંતરરાષ્ટ્રીય બજારમાં ચોખાની કિંમત પ્રતિ ટન $550 થી ઘટી $200 થઇ.

૧૯૮૭ની સાલમાં ડૉ.ખુશને જાપાન તરફથી પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ૧૯૯૭ની સાલમાં ડૉ.ખુશને ડૉ.બોર્લોગે શરુ કરેલ World Food Prize એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૦૦ની સાલમાં ભારત સરકારે ડૉ. ખુશને પદ્મશ્રી પુરસ્કાર આપી સન્માનીત કર્યા હતાં.

નોધ:
૧. ડૉ. બોર્લોગને દુનિયામાં હરિયાળી ક્રાંતિના પિતા – Father of Green Revolution તરીકે ઓળખવામાં આવે છે.
૨. ડૉ. સ્વામીનાથનને ભારતમાં હરિયાળી ક્રાંતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
૩. ડૉ. ગુરુદેવસિંગ ખુશને ચોખાની હરિયાળી ક્રાંતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

૨૦૦૮ની સાલમાં ઉત્તર પ્રદેશના આશારામ પાલ નામના એક ખેડૂતે એક નવી જાતના ચોખાનું બિયારણ વાપરી ખેતી કરી. સંજોગોવસાત તે વર્ષે ત્યાં પુર આવ્યું અને ૧૫ દિવસ સુધી ખેતરમાં પાણી ભરાઈ રહ્યાં. સામાન્ય રીતે ચોખાના ખેતરમાં ૩ દિવસથી વધુ સમય પાણી ભરાઈ રહે તો પાક નિષ્ફળ જાય. તેથી આશારામના મિત્રોએ તેને કહ્યું કે હવે પાક નિષ્ફળ ગયો તેથી આ વર્ષે ભુખમરા વેઢવો પડશે. આશારામના ખેતરમાંથી પુર ઉતર્યા પછીથી ચોખાના છોડ ફુટી નીકળ્યાં. સામાન્ય રીતે તે જગ્યાની જમીનમાં ચોખાનો પાક પ્રતિ હેકટરે ૨ ટન ઉતરતો હતો પણ આશારામના ખેતરમાં પ્રતિ હેકટરે ૪.૫ ટન પાક ઉતર્યો. આશારામે જે ચોખાનું બિયારણ વાપર્યું હતું તે પુર પ્રતિરોધક બિયારણ હતું.

કેલિફોર્નિયા યુનિવર્સીટી ના મહિલા પ્રોફેસર પામેલા રોનાલ્ડ (Pamela Ronald) છે. પામેલાને ખબર છે કે દુનિયાની અડધી વસ્તી ચોખા ખાય છે. ભારત અને બાંગ્લાદેશમાં વારંવાર પુર આવે છે તેથી પાક નિષ્ફળ જાય તો ભુખમરાની પરિસ્થિતિ ઉભી થાય.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

પામેલા ચોખાનું પુર પ્રતિરોધક બિયારણનું સંશોધન કરવા IRRI મનિલામાં કામ શરૂ કરે છે. પામેલાની સાથે કૃષિવિજ્ઞાની ડેવિડ મેકકિલ (David Mackill) પણ હતાં. ભારતમાં ૫૦ના દાયકામાં પુર પ્રતિકારક અને ચોખાનું ઓછું ઉત્પાદન આપતી ચોખાની જાત હતી. તે સમયે પુર પ્રતિકારક અને ચોખાનું ઓછું ઉત્પાદન આપતા બિયારણમાંથી પુર પ્રતિરોધક જીન શોધી વધુ ચોખાનું ઉત્પાદન આપતી જાતમાં પ્રત્યારોપણ કરવાની પધ્ધતિની જાણકારી હતી નહીં. ડેવિડ મેકકિલે ૯૦ના દસકામાં પુર પ્રતિરોધક ચોખાની જાત જોઈ હતી. ડેવિડે તે પુર પ્રતિકારક ચોખનું બિયારણ લાવી પ્રોફેસર પામેલાની દોરવણીથી પુર પ્રતિકારક ચોખાનું બિયારણ વાવી ફક્ત પુર પ્રતિકારક જીન શોધી ચોખાનું વધુ ઉત્પાદન જાત માં પ્રત્યારોપણ કરી પુર પ્રતિકારક અને ચોખાનું ઉત્પાદન આપતું નવું બિયારણ – SC-1 વિકસાવ્યું. ઉત્તર પ્રદેશના આશારામ પાલે SC-1 બિયારણ હતું તેથી તેમના ખેતરમાં ૧૫ દિવસ સુધી પાણી રહેવા છતાય વધુ પાક ઉતર્યો હતો.

હવે પ્રોફેસર પામેલાને ચોખાની એવી જાતો વિકસાવવી છે કે ઓછા વરસાદમાં, ખારી જમીનમાં અને સખત ગરમી પડે તો પણ પાક નિષ્ફળ ન જાય. ચોખાનું વધુ ઉત્પાદન મેળવવા એક System of Rice Indentification - SRI પધ્ધતિ છે. આ પધ્ધતિમાં રસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં નથી આવતો. ૨૦૧૩ની સાલમાં બિહારના નાલંદા જિલ્લાના દરવેશપુરા ગામના સુમંતકુમાર નામના ખેડૂતે આ પદ્ધતિનો ઉપયોગ કરી પ્રતિ હેકટરે ૨૨.૪ ટન ચોખાનું ઉત્પાદન મેળવીને એક વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો.

**ભારતમાં ચોખાના ઉત્પાદનની વૃધ્ધિ ના આંકડા**

| વર્ષ | લાખ ટન | વર્ષ | લાખ ટન | વર્ષ | લાખ ટન |
|---|---|---|---|---|---|
| ૧૯૬૦ | ૩૪૬ | ૧૯૯૦ | ૭૩૦ | ૨૦૧૦ | ૯૬૦ |
| ૧૯૭૦ | ૪૨૩ | ૨૦૦૦ | ૮૫૦ | ૨૦૧૪ | ૧૦૨૦ |
| ૧૯૮૦ | ૫૩૬ | ૨૦૦૫ | ૯૧૮ | ૨૦૨૦ | ૧૨૦૦ |

**ચોખાના ઉત્પાદન કરતા દેશોમાં ભારતનું સ્થાનઃ વર્ષ–૨૦૧૪**

| દેશ | લાખ ટન | દેશ | લાખ ટન | દેશ | લાખ ટન |
|---|---|---|---|---|---|
| ચીન | ૧૪૩૦ | બંગલા દેશ | ૩૩૮ | ફિલીપાઇન્સ | ૧૧૦ |
| ભારત | ૧૦૨૦ | વિયેતનામ | ૨૭૧ | મ્યાનમાર | ૧૦૭ |
| ઇન્ડોનેશિયા | ૩૬૯ | થાઇલેન્ડ | ૨૦૫ | બ્રાઝીલ | ૭૮ |

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ક્ષેત્રફળ ની દ્રષ્ટિએ પંજાબમાં સમગ્ર ભારતની સરખામણી માં ફક્ત ૬.૫% જમીન છે પણ પંજાબમાં ભારતના ઘઉં ઉત્પાદનના ૨૦%, ચોખાના ઉત્પાદનના ૧૧% અને રૂ ના ઉત્પાદનના ૧૩% પાક ઉતારે છે. અનાજના ઉત્પાદનના આંકડા વાંચી ખુશ થયા? તો હવે દુ:ખી પણ થાવ. યુનિસેફના તા. ૧૧.૦૪.૨૦૧૪ના એક અહેવાલ પ્રમાણે ભારતમાં ૫ વર્ષથી ઓછી ઉંમર ના ૪૩% બાળકો કુપોષણના કારણે દરરોજ ૩,૦૦૦ બાળકો મૃત્યુ પામે છે. આટલુ બધુ અનાજ પાકવા છતાય દરરોજ ૩,૦૦૦ બાળકો કુપોષણના કારણે મૃત્યુ પામે તેના માટે ફક્ત અને ફક્ત સરકાર જ જવાબદાર છે. સરકાર પાસે અનાજ સંગ્રહ કરવા માટે પુરતા ગોડાઉન નથી. તદુપરાંત વિતરણ વ્યવસ્થાનો અભાવ છે.

ગોડાઉનના અભાવના કારણે અનાજ ખુલ્લામાં પડી રહે છે અને ઉંદર, પક્ષીઓ અને વાંદરાને દરરોજ ઉજાણી થાય છે. વરસાદના કારણે અનાજ સડી જાય તે અનાજ કેટલીકવાર મધ્યાન ભોજન માટે શાળાઓમાં મોકલવામાં આવે છે. ઓસ્ટ્રેલિયા જેટલા ઘઉં પકવે છે તેટલા ઘઉં આપણે ત્યાં સડી જાય છે. ચીને પાસે અનાજ સંગ્રહ કરવાની પધ્ધતિ સારી હોવાથી ૨૦૧૦ની સાલમાં કેન્દ્રીય મંત્રી કે.વી.થોમસન ચીન ગયા હતાં. આ પછી ફુડ કોર્પોરેશન ઓફ ઇંડિયા અને સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશનના માણસો ચીન જઈ આવ્યાં. યુ.પી.એ. સરકાર કૌભાંડમાંથી ઉંચી આવી નહીં અને કશી પ્રગતિ થઇ નહીં.

તા.૧૪.૧૦.૨૦૧૪ના બેજિંગના એક સમાચાર પ્રમાણે ચીનમાં દર વર્ષે ભાણામાં બાકી રહી ગયેલા અનાજની કિમત ૩.૬ અબજ ડોલર એટલેકે રૂ. ૧,૯૫,૬૦૦ કરોડ થાય છે. આનુ કારણ ચીનની એક માન્યતા છે. આ માન્યતા પ્રમાણે જો તમે ભાણામાં ખોરાક બાકી ન રાખો તો તે અર્થ એ થયો કે યજમાને તમને પેટભરીને નથી જમાડ્યા.

વર્ષે ૯૨,૦૦૦ કરોડનું અનાજ સડી જાય છે.

જો ભૂતપૂર્વ ખાદ્યાન્ન પ્રક્રિયા મંત્રી હરસિમરત કૌરની વાત સ્વીકારી લઈએ તો દર વર્ષે અનાજના ઉત્પાદન, લણણી, વહન અને સંગ્રહમાં ૯૨૦૦૦ કરોડનું અનાજ નક્કામું (સડી) થઈ જાય છે. તેમના મતે ઉત્પાદિત અન્નને યોગ્ય પ્રક્રિયાથી સાચવવા અને યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ભૂખ્યા પેટે સૂઈ જનારા ૧૫ ટકા લોકોનો જઠરાગ્નિ આ નકામા જતા અનાજથી ઠારી શકાય, તેમના પેટ ભરી શકાય. તેમણે ભારતમાં ખેતી ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમની પણ હિમાયત કરી છે.

**- પ્રિયમુખ પનાલાલ, વડોદરા,**
**મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ



ટ્રાફિક જામની મગજમારીને,
PUC લાઈસન્સની ભેજામારી,
મૂક આ બધું પડતું,
છોડ ચાર બંગડીવાળી ને ચાર પૈડાં,
આવી જા બે પૈડાંની સાયકલ પર,
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ.

Whats Up પર તો મેસેજ કર્યા,
ને વિડિયો કોલથી Face થયા,
ચાલ Faceને સામસામે Face થઈએ.
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ.

સુખ–દુ:ખની ભાગીદારી કરી લઈએ,
દુ:ખ ને પવનમાં સ્વાહા કરી લઈએ.
ને અશાંતિને પાણીમાં પધરાવી દઈએ,
લાગણીઓને એકમેકમાં વહાવી દઈએ,
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ.

સાંજ ના સુરજ નો આથમતો સિતારો,
એ પાણીમાં ડૂબતો, ને એના કિરણોનો નજારો,
એકના હાથમાં સીંગ ને બીજાના ચણાચોર,
વાદળ, વીજળી ને વર્ષા પણ આતુર,
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ.

મારા લોહીમાં તમારો શ્વાસ અને,
તારા લોહીમાં મારો ધબકાર,
એકમેકમાં ભળી દોસ્તીની રમત રમી લઈએ.
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ.
દોસ્ત, ચાલ રિવરફ્રન્ટ પર મળી લઈએ..

**– ડો. રાકેશ પરીખ, અમદાવાદ**

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## રથયાત્રાની રસપ્રદ માહિતી



હમણાં જ આપણે અષાઢી બીજનો ઉત્સવ રંગેચંગે ઉજવ્યો. દર સાલ આ અષાઢી બીજે જગન્નાથ પુરી અને આપણાં અમદાવાદ જેવા અનેક નાના મોટા શહેરોમાં અને હવે તો દુનિયાભરમાં આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. તેનો ઈતિહાસ અને દિલચશ્પ વાતો આજે આપણે અહીં કરવી છે.

આ ઉત્સવની શરૂઆત તો ઓડિશાના પુરી ગામથી થઈ હતી. સ્કંધ પુરાણ અનુસાર રાજા ઈન્દ્રદ્યુમ્નને નોખાં દર્શન દેવા માટે સાક્ષાત્ પુરુશોત્તમ શ્રીકૃષ્ણ ભગવાને વિશાળ નેત્રોવાળા જગન્નાથજીનું રૂપ ધર્યું હતું અને વડીલબંધુ બલદેવજી અને બહેન સુભદ્રા સાથે પુરીમાં વસવાટ કર્યો હતો. જ્યારે શ્રી રામ પૃથ્વી છોડીને અંતરધ્યાન થઈ રહ્યા હતાં ત્યારે દુ:ખી થયેલા વિભીષણને જગન્નાથની પુજા – અર્ચના કરવાની આજ્ઞા આપી હતી.

પુરીના ભવ્યાતીત ભવ્ય જગન્નાથ મંદીર તથા રથયાત્રાની વિગતવાર માહિતી આ પ્રમાણે છે.

ભગવાન જગન્નાથજી મંદિરનું ક્ષેત્રફળ ચાર લાખ ચોરસ ફૂટ છે. ચાર દિશામાં ચાર પ્રવેશદ્વાર આવેલા છે. મંદીરમાં તે સમયે ફક્ત હિંદુઓને જ પ્રવેશ હોવા છતાં તમામ ભક્તોને દર્શનનો લાભ મળે તે હેતુથી ભગવાન જગન્નાથ સ્વયં કૃપા કરી રથયાત્રા માટે મંદિરની બહાર નીકળે છે.

ભગવાન જગન્નાથજીનું મંદિરના શિખર ઉપર અષ્ટધાતુનું સુદર્શન ચક્ર આવેલ છે તેને ગમે ત્યાંથી જુઓ તો સામે જ દેખાય છે. એના ઉપર લહેરાતો ધ્વજ હવાની વિપરીત દિશામાં ફરકે છે.

રોજ સાંજે ધ્વજ બદલવા માટે અમુક સેવકો કોઈ પણ સીડીની મદદ વિના સડસડાટ પથ્થરો પકડીને ૨૧૪ ફુટનું શિખર ચઢી જાય છે.

મંદિરના ગુંબજનો ક્યારેય પડછાયો સર્જાતો નથી. ગુંબજ પરથી ક્યારેય કોઈ પક્ષી ઊડતું નથી.

દુનિયાનું સૌથી વિશાળ રસોઈ ઘર અહીં છે. જેમાં ૫૦૦ રસોઈયા અને ૩૦૦ મદદનીશ રસોઈ બનાવે છે. સાત માટીના વાસણો એક પર એક મુકી ચૂલા પર છપ્પન

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

ભોગ રાંધવામાં આવે છે.

ભગવાનના રથ બનાવવા માટે ૧૪૦૦ કારીગરે પઢી દર પેઢી દર અક્ષય તૃતીયા એ કામ શરૂ કરે છે. માપ લેવાનું કામ આંગળાથી થાય છે. રથમાં ધાતુની એક પણ ખીલી ઠોકવામાં આવતી નથી. રથયાત્રાની સમાપ્તિ પછી રથનાં લાકડાં રસોઈ ઘરના ચૂલામાં વાપરવામાં આવે છે.

જગન્નાથજી, બલદેવજી અને સુભદ્રાના લાકડાના રથમાં અનુક્રમે ૧૮, ૧૬ અને ૧૪ પૈડાં હોય છે અને એમનાં નામ અનુક્રમે નંદીઘોષ, તાલધ્વજ અને પદ્મધ્વજ છે.

પુરીનો રાજા સોનાની સાવરણીથી ઝાડુ કાઢે પછી જ રથયાત્રાનો આરંભ થાય છે. શ્રી જગન્નાથજીના મંદિરથી ગુંડીયા મંદીર સુધીનું ત્રણ કિલોમીટરનું અંતર રથને રસ્સી વડે ખેંચીને પુરૂ કરતાં ક્યારેક ત્રણ – ત્રણ દિવસ પણ થાય છે કારણ કે શ્રી જગન્નાથજીની મરજી પડે ત્યાં સુધી કલાકો ઉભા રહી જાય છે.

આવી છે આપણાં શ્રી જગન્નાથ ભગવાનની શાહી રથની સવારી.

બોલો શ્રી જગન્નાથ ભગવાનની જય....

**– સંકલનકર્તા : કિશોર પરીખ, ભરુચ**

**મો. ૯૮૨૫૭ ૦૬૮૦૮**

(ચિત્રલેખાના સાપ્તાહીકમાંથી સાભાર પ્રસ્તુત કરેલ છે.)

(1) વહેલાં સૂવું અને વહેલાં ઉઠવું. ઉઠીને ઇષ્ટદેવનું સ્મરણ કરવું.
(2) ઘર્મ વિના સુખ નથી. તેથી ધર્મમાં તત્પર રહેવું.
(3) દુ:ખી પર દયા રાખવી – અહિંસાનું જતન કરવું.
(4) શત્રુ પર પણ ઉપકાર કરવાની ટેવ પાડવી.
(5) યાચકની, આચાર્યની, મા–બાપની અવગણના ક્યારેય ન કરવી.
(6) સંપત્તિ અને વિપત્તિમાં સદા એકસરખું મન રાખવું.
(7) નિંદા–ઈર્ષાથી દૂર રહેવું. નહિ તો તે જ તમારા (શારીરિક) વેરી બનશે.
(8) કુદરતે આપેલ દેહને પંચભૌતિક આહાર ટકાવે છે. આ આહારને પોષણ સ્વરૂપે ઈશ્વરની પ્રસાદીરૂપે નિષ્ઠાપૂર્વક આરોગ્યને ધ્યાનમાં લઈ આરોગવાથી જીવન તંદુરસ્ત રહે છે.

**– 'ઘરઘથ્થુ વૈદુ' નામના પુસ્તકમાંથી**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## મચ્છરજન્ય રોગચાળો



ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે. ચોમાસાના ચાર મહિના આપણે પોતાના આરોગ્યનું ખૂબ ધ્યાન રાખવું પડે છે. કોરોના તો ચાલી જ રહ્યો છે તેવામાં અત્યારે પાણીજન્ય રોગચાળો અને મચ્છરજન્ય રોગચાળો માઝા મુકે છે. જો કે હજુ આપણે કોરોનાના કારણે બહારનો ખોરાક ખાતા નથી એટલે પાણીજન્ય રોગચાળાની ઘણી ઓછી શક્યતા આ સમયે રહેશે. મચ્છરજન્ય રોગચાળો તો દર વખતની જેમ આ વખતે પણ આપણને હેરાન કરશે. તો આવો આપણે આ મચ્છરજન્ય રોગચાળા વિશે થોડી જાણકારી મેળવીએ.

મચ્છરજન્ય રોગોમાં સાદો મેલેરિયા, ઝેરી મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનો સમાવેશ થાય છે (ઝીકા વાયરસ પણ ખરો). આ રોગો આપણને મચ્છરના કરડવાથી થાય છે, પણ મચ્છર થાય છે ક્યાં ? મચ્છર આપણા ઘરમાં જ કે ઘરની આજુબાજુમાં જ્યાં પાણીનો સંગ્રહ થાય છે ત્યાંથી ઉત્પન્ન થાય છે. જે પાણી હવાના સંપર્કમાં હોય છે, ત્યાં મચ્છર આવીને ઇંડા મૂકે છે અને ત્યાંથી નવા અસંખ્ય મચ્છરોની ઉત્પત્તિ થાય છે.

પાણી ક્યાં ક્યાં હોય છે? ઘરની ટાંકી, અન્ડર ગ્રાઉન્ડ અને ઓવરહેડ, પક્ષી ચાટ, કુંડા, પ્રાણીઓ માટેના હવાડા, ધાબા પર પડેલો ભંગાર, ઘરની આજુબાજુના ખાડા-ખાબોચિયાં, મની પ્લાન્ટ, નકામા ટાયરો, એરકુલર વિગેરે. આમ, જ્યાં પાણી છે ત્યાં મચ્છરનો ઉપદ્રવ થાય છે. આપણા ઘરમાં જ આપણો દુશ્મન મચ્છર પેદા થાય છે અને તે આપણને કરડીને મેલેરિયા કે ડેન્ગ્યુ ફેલાવે છે. તો હવે મચ્છર ના થાય તે માટે શું કરવું જોઈએ ? ચોમાસામાં ખાસ કરીને મચ્છરનો ઉપદ્રવ વધતો હોવાથી તે ખાસ ધ્યાન રાખવું જોઈએ કે ઘરમાં કે ઘરની આજુબાજુમાં ધાબાં પર સહેજ પણ વરસાદનું પાણી જમા ના થાય. જો આ વરસાદનું પાણી જમા થતું હોય તો તાત્કાલિક રીતે તેને કાઢી નાખવું જોઈએ. પક્ષીચાટ ચોમાસામાં ના મૂકવા જોઈએ. જો મૂક્યા હોય તો હવે તે સાફ કરીને ઘરમાં લઈ લેવા જોઈએ. અન્ડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકી હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી જોઈએ. આમ, જ્યાં પણ વરસાદનું એક ચમચી પણ પાણી જમા થવાની શક્યતા હોય કે ઘરમાં જ્યાં પાણી જમા થતું તે દરેક વસ્તુની નિયમિત સાફ સફાઈ કરવી જોઈએ.

**- રિપલકુમાર પરીખ, અમદાવાદ**
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

# ઘર એ જ વિદ્યાલય



જ્યાં પ્રેમનો પ્રથમ પાઠ મનુષ્ય પામે, આત્મીયભાવ ઉર જે સ્થળમાંથી જામે, જ્યાંથી વહે જગત રેલતી સ્નેહગંગા ને જ્યાં થકી હૃદયનાં સહુ દ્વાર ખુલ્યાં.
('ગૃહ' સ્રોતસ્વિની – કવિ શ્રી બોટાદકર)

ગુજરાતીમાં એક કહેવત છે – 'ધરતીનો છેડો ઘર.' તો સાથે જ કહી શકાય કે 'ધરતીને પ્રારંભ ઘર !' નવજાત શિશુ વિશ્વ સાથે સૌપ્રથમ જ્યાં સંબંધ જોડે છે તે સોહામણું સ્થળ એટલે ઘર! કોઈ પણ વ્યક્તિ જેવાં જીવનના સાદા–સંકુલ, ખાટા–મીઠા પદાર્થપાઠ શીખે છે તે વિદ્યાલય એટલે ઘર.

આપણે અહીં ઔપચારિક શિક્ષણની વાત કરવા નથી જ બેઠાં ! આપણે વાત માંડી છે અનૌપચારિક શિક્ષણની.. જે ઘરમાંથી શરૂ થાય છે અને ઘરમાં જ પરિપૂર્ણતાને પામે છે.

એમ કહેવાય છે કે શીખવા માટે કોઈ વય નાની કે મોટી હોતી નથી. વળી, ભારતીય પરંપરા તો સ્પષ્ટપણે માને છે કે કોઈ પણ વ્યક્તિનાં શિક્ષણની શરુઆત માતાના ગર્ભમાંથી થાય છે અને આ વાત કહેતાં જ આપણી સમક્ષ ભક્ત પ્રહલાદ, અભિમન્યુ કે શિવાજી મહારાજ જીવંત થઈ જ જાય છે. માતાના ગર્ભમાંથી જ પ્રેરણાનાં પિયૂષ પીનારા આ મહામાનવો કોઈ વિદ્યાલયનાં પગથિયાં નથી ચઢયાં!

ચાલો, મહામાનવોને જરા વાર બાજુ પર મૂકીને વાત કરીએ આપણાં જેવાં સામાન્ય લોકોની... ગર્ભથી શરૂ થયેલું શિક્ષણ આજીવન ચાલે છે. દરેક વ્યક્તિ દરેક વ્યક્તિ પાસેથી કંઈક ને કંઈક શીખતી રહે છે. સારુ–નરસું ! માનવી ભલે સ્વાર્થી પ્રાણી કહેવાતો હોય, પરંતુ બાળપણથી જ સૌનું કલ્યાણ ઈચ્છવાની ગળથૂથી એને મળી હોય છે. યાદ છે આ વિશ્વ પ્રસિદ્ધ દર્શન ?

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પ્રશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખ–જાકજાવેક ॥

અહીં તો સંપૂર્ણ જગતની વાત કરી છે. ઘરમાંથી બાળકને જેવી અને જેટલી વિદ્યા પ્રાપ્ત થાય છે. તેટલી બીજેથી ઓછી જ થાય છે. સવારે ઉઠીને સર્વપ્રથમ કરદર્શન

કરવાનું શીખવવામાં આવે છે. આનો સીધો અર્થ છે– 'અપના હાથ જગન્નાથ !' અર્થાત્ જાત મહેનત. ભર્યા પૂરા પરિવારમાં રહેતાં બાળકોમાં કેટલાક સંસ્કારો આપોઆપ આવી જાય છે. કેમ કે, પરિવારનું કામ જ બાળકને સંસ્કારિત કરવાનું છે. જેમ ખાટી છાશ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે પણ એ જ ખાટી છાશને સંસ્કારિત કરી કઢી બનાવીએ તો તે લાભદાયક, સ્વાદિષ્ટ વ્યંજન બની જાય છે.

એક સુસંસ્કારી ઘરમાં વડીલોને આદર, સમવયસ્ક સાથે મૈત્રી, નાનાંને પ્રેમ આપવાનું વાતાવરણ હોય છે. કુટુંબમાં રહીને જ બાળક ત્યાગ, પ્રેમ, સમર્પણ, મર્યાદા, સહિષ્ણુતા, સહનશીલતા જેવા ઉચ્ચ ગુણોં જાણે–અજાણે જ શીખી જાય છે. શારીરિક કે માનસિક નિર્બળ વ્યક્તિ સાચવી લેવાના ગુણ ઘરમાંથી જ મળે છે. સ્પષ્ટપણે જોવામાં આવ્યું છે કે જે બાળક બાળપણથી જ વડીલોની છત્રછાયામાં ઉછરતું નથી તેનાથી માન–મર્યાદાના પાઠ અજાણ્યા જ હોય છે. વાણી – વર્તન પર સંયમનું પ્રમાણ ઓછું હોય છે. આહાર – વિહાર – વિચાર આ બધી બાબતોનું ઘડતર ઘરમાંથી જ થાય છે.

પરિવારમાં રહેતી દરેક વ્યક્તિ અન્ય સભ્યો માટે કંઈકને કંઈક કરી છૂટે છે. ક્યારેક ત્યાગ કરે છે તો ક્યારેક સહન પણ કરે છે. હક અને ફરજ – એ એક સિક્કાની બે બાજુઓ છે–એવું ઘરરુપી વિધાલય જ શીખવાડે છે. નાનકડા છોડને જેવું ખાતર – પાણી મળશે તેવો તેના વિકાસ થશે. તેમ બાળકને પરિવારમાંથી જેવું વાતાવરણ મળશે તેવો તેનો સંસ્કાર દેહ ઘડાશે.

જમતાં પહેલાં ભોજનમંત્ર બોલવો, ઠાકોરજીને ભોગ ધરાવવો, ભોજનમાંથી ગાય, કાગડા અને કૂતરાંનો ભાગ કાઢવો. વૃક્ષોને પાણી પીવડાવવું. પક્ષીઓને ચણ નાંખવું. દેવદર્શન કરવાં. ભોજનની થાળીમાં એઠું ન છોડવું. સ્વચ્છતા જાળવવી વગેરે જેવી નાની લાગતી ક્રિયાઓ બાળકનો સંસ્કારદેહ ઘડવામાં સિંહફાળો આપે છે.

જો ઘર એ જ વિધાલય છે અને શિક્ષણ આપવાનું પ્રથમ સ્થાન છે તો આપણી આમાં શું ભૂમિકા હોઈ શકે તેનો વિચાર કરવો પડે. એમ કહેવાય છે કે બાળકનાં પ્રથમ પાંચ વર્ષ સુધી એનાં મસ્તિષ્કનો ૯૫ ટકા વિકાસ થઈ ચૂકયો હોય છે. અર્થાત્ પછી તો આપણે માત્ર બહારથી રંગરોગાન કરીએ છીએ. વસ્તુતઃ એનું સંસ્કારપોત તો ઘડાઈ ચૂકયું હોય છે. એટલે ઘરનાં બધાં જ સભ્યોની ફરજ બને છે કે ઘરમાં સંસ્કારક્ષમ વાતાવરણનું નિર્માણ કરે. દાદા–દાદીની ફરજ છે કે નાનાં બાળકોને ખૂબ પ્રેમ આપે. સંસ્કારયુક્ત વાર્તાઓ કહે. પ્રકૃતિ સાથે એનો સંબંધ જોડે, દેવદર્શને લઈ જાય, પશુ–

પક્ષીઓ સાથે મિત્રતા કેળવે, પૌરાણિક કથાઓ, રામાયણ – મહાભારતના પ્રસંગો, મહાપુરુષોનાં જીવન ચરિત્રોમાંથી વીણેલાં મોતી બાળકોને આપે.

આ બાબતે માતા–પિતાની તો અનંત ફરજો છે. 'ઘરમાં શાંતિ–સુલેહ–સંપનું વાતાવરણ જળવાઈ રહે. સાદો–તાજો–પૌષ્ટિક આહાર ઘરમાં જ બને. પૈસા, પાણી, વીજળી, વન્ય પશુપક્ષી જેવી રાષ્ટ્રીય સંપદાઓનું રક્ષણ થાય. રાષ્ટ્ર પ્રત્યે સન્માન જાગે. પરસ્પર પ્રેમ–માન–મર્યાદા જાગે. ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ઉંડો આદર જન્મે.' – આ બધા સંસ્કારો બાળકમાં ઉતરે તે જોવાની પરજ માતા–પિતાની છે. જો માતા–પિતા જ વડીલોને આદર નહીં આપે, શિક્ષકનું સન્માન નહીં જાળવે તો બાળક પણ આવું જ શીખશે. ઘરમાં અપશબ્દોનું, ચેનચાળાનું, ફિલ્મી ડાયલોગ કે અર્થહીન ગીતોનું ચલણ હશે તો બાળક અવશ્ય તેનું અનુકરણ કરશે. જો કે બાળકમાં શુદ્ધ સંગીતના સંસ્કારો અવશ્ય પાડવા !

ઉપરાંત એ પણ જોવાનું છે કે દરેક વ્યક્તિમાં કોઈને કોઈ શક્તિબીજ અવશ્ય હોય છે. એ બીજનું સંવર્ધન કરવાનું કામ પરિવારનું છે. જેને પરિવારનો ટેકો નથી મળતો તેનો યોગ્ય વિકાસ ક્યારેય નથી થતો. જો ચાર વર્ષની લત્તાના ગળામાં રહેલા સૂરોને તેના પિતા પં. દીનાનાથે ન ઓળખ્યા હોત તો આપણને લત્તા મંગેશકર જેવું 'ભારત રત્ન' પ્રાપ્ત થયું હોત ખરું ? જો શિવાજી મહારાજના આક્રોશને જીજામાતાએ દબાવી દીધો હોત તો ? જો ધ્રુવને માતા સુનીતિએ ઈશ્વર પ્રણિધાનનો માર્ગ ન બતાવ્યો હોય તો.

કહેવાનું તાત્પર્ય એ છે કે – ઘર એ કોઈ પણ વ્યક્તિ માટે પ્રથમ વિદ્યાલય કહેવાય છે. પરિવાર પ્રમાણે વ્યક્તિ સદ્ગુણ કે દુર્ગુણ ગ્રહણ કરે છે. આજે પણ સંતાન માટે યોગ્ય પાત્ર શોધતાં માતા–પિતા 'ઘર કેવું છે ?' એ વિચાર સૌપ્રથમ કરે છે. ઘર, પરિવાર તેની છાપ, તેનું સમાજમાં સ્થાન એ બધું જોવાનું કારણ જ છે. વ્યક્તિની રહેણી કરણી, તેની ખાનપાનની આદતો, તેનો પહેરવેશ, ટેવો – કુટેવો બધું જ પરિવારને આભારી છે. હા, બહારની સંગત પણ તેને અસર જરૂર પહોંચાડે છે. પણ, જો વ્યક્તિ અંદરથી જ સદ્ગુણી હશે તો તેને બહારના દુર્ગુણો બહુ સ્પર્શી શકશે નહીં. જેમ ચંદનના વૃક્ષને વિષધર નાગ લપેટાયેલો રહે છે છતાં ચંદન શીતળતાનો ગુણ નથી છોડતું, નાગ વિષને ત્યાગતો નથી ! કેમકે બંનેના પોતપોતાના પ્રકૃતિદત્ત સંસ્કારો છે ! દરરોજ ઠાકોરજીની સેવા કરતાં દાદીમાને જોઈને નાનું ટેણિયું પણ માળા ફેરવવા બેસી

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

જાય છે અને ધુમ્રપાન કરતા પિતાને જોઈને કિશોરવયે પહોંચેલો પુત્ર પણ ચોરી–છૂપીથી એકાદ કશ મારવાનું ચાલુ કરી દે છે ! આ નરી વાસ્તવિકતા છે.

સાવ એવું પણ નથી કે પછીથી વ્યક્તિ પર કોઈ અસર થતી નથી. થાય છે. 'સંગ તેવો રંગ' એ ન્યાયે સંગત પણ રંગત બતાવે છે. પણ, ગુલાબનાં ફૂલ પર મોગરાનું અત્તર છાંટવાથી ગુલાબની મૂળ સુગંધ 'કામચલાઉ' દબાય છે, 'કાયમી' નહીં ! એમ પેઢી દર પેઢીના સંસ્કારો – પછી ભલે તે સારા હોય કે ખરાબ હોય પણ તે રહે તો છે જ, સમય આવ્યે દેખાય પણ છે ! કદાચ શાસ્ત્રોમાં આને જ 'ચિતિ' કહે છે. ટૂંકમાં ઘર–પરિવારની ફરજ છે કે,

ઈતના મુક્ત કરો જિતને સે
સ્વતંત્રતા કા અનુભવ હો ।
ઇતની ન દો મુક્તિ જિસસે ।
ઉચ્છંખલતા કા ઉદ્‌ભવ હો ।

એક ભારતીય કુટુંબનું સરસ ચિત્ર કુટુંબ ભાવનાના કવિ શ્રી બોટાદકર દોરે છે.

તરુણ દંપતીની ગુંજન ગોઠ
શિશુક મંડળનો વિમળ વિનોદ
બાલ નણંદીની રસભરી રાવ
ભ્રાતૃજાયાનો વત્સલ ભાવ
જયેષ્ઠ હૃદયની વિશદવૃત્તિઓ, દિયર પ્રણય પરિહાસ,
શ્વસુર તણાં શિક્ષાનાં સૂત્રો, સાસુ ઉર ઉલ્લાસ
સર્વનો યુગપત્ અનુભવ થાય,
સ્વર્ગની ઈચ્છા ત્યાં વિસરાય ! (નિર્ઝરિણી)

હવે તમે જ કહો... આવું ભર્યુંભાદર્યું કુટુંબ હોય ત્યાં જીવનના મૂળભૂત પાઠ શીખવતું 'ઘર એ જ વિદ્યાલય' નથી શું ?

**– માધ્વી મેહુલ શાહ, ભૂજ**

**મો. ૯૪૨૮૬ ૮૦૦૭૧**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. હ. સુજલ પરિમલભાઈ પરીખ

# Scientific reasons & benefits of visiting a Temple



Temples - how are they built? What exactly is kept in mind while building these sacred temples?

Ever thought?

Here, we will read about the science used behind these beautiful sacred marvels.

India is appreciated for its wealthy, Prosperous Bright culture and tradition. There are a number of mesmerizing temples across & beyond the country in different designs, shapes, locations. Spending a visit to the temples is not only to get a blessing but also to get a peaceful and healthier mindset.

## 1. The Location and Building of the Temple

Temples are found designed at a place where the positive energy is available plentifully from the captivating and electric wave movements of the north/south pole pressure. The idol of GOD is set in the exact center of the temple, known as “Garbhagriha”(Garbhagriha or Garbha griha) is the small unlit shrine of the Hindu temple. Garbhagriha may be a Sanskrit word sense the inside of the sanctum sanctorum, the innermost sanctum of a Hindu temple where resides the murti (idol or icon) of the primary deity of the temple. Literally, the word means “womb chamber” from the Sanskrit word garbha for womb and griha for the house. Only ‘priests’ (pujari) are allowed to enter the womb chamber.

Ideally, the structure of the temple is made after the idol has been placed during a high positive wave centric place. This Garbhagriha is

the place where the earth's magnetic waves are determined to be most intense.

**2. Removing Your Footwear Before Entering the Temple**

Temples are the place that holds pure vibrations of magnetic and electric fields with positive energy. In the good old days, temples were built in such a way that the floor at the center of the temple were good conductors of these positive vibrations allowing them to undergo our feet to the body. Hence it is essential to walk barefooted while you enter the core center of the temple.

Another obvious reason is shoes and chappals are used everywhere hence they have a tendency to urge all the impurities like dirt, germs etc which spoil the pure environment of the temple and is the source of negative energy.

**3. Ringing the temple bell once you enter the temple – Hearing Sense Activated**

These bells are made in such a way that when they propose a sound it creates unity in the Left and Right parts of our brains. The moment we ring the bell, it produces a pointy and enduring sound that lasts for a minimum of seven seconds in echo mode. The duration of the echo is sweet enough to activate all the seven healing centers in our body. This results in emptying our brains of all negative thoughts.

This bell sound is additionally absorbed by the idol and vibrated within the Garbhagudi for a particular period of your time.

### 4. Lighting Camphor ahead of Idol – Sight Sense Activated

The inner core of the temple is typically dark where the idol is placed. You usually close your eyes to wish and once you open your eyes you ought to see the camphor which was lit to try to do the Aarthi ahead of the idol. This light seen inside the dark activates your sight sense.

The other reason for lighting camphor is for the idol to soak up the warmth and vibrate within the Garbhagudi for a particular period.

### 5. Put your hands over the camphor flames then touch eyes – Touch Sense Activated

Once the camphor is delivered to you after offering the prayer, you always put your hands over the camphor to form your hands warm, then you touch your eyes together with your warm hands.

This action assures your touch sense is active.

### 6. Offering flowers to GOD at the temple – Smell Sense Activated

Flower, is sweet to ascertain, spreads good fragrance, very soft to the touch, the nectar given by flower pleases the tongue and this mix is ideal to be used at the temple. Only specific flowers are used for offering to Idol like rose petals, jasmine, marigold supported various factors, amongst them fragrance is most vital. The fragrance of the flower, camphor and incense sticks all at once have the strong essence to stay your smell sense active and pleasant giving calmness to the mind.

**7. Drinking Theertham – Taste Sense Activated**

The next part of your act would be to drink theertham ideally from silver or a copper vessel. The water used for theertham usually would contain Tulasi leaves dipped in water and must be stored a minimum of eight hours within the copper vessel. Consistent with Ayurveda, water stored inside a copper vessel has the power to balance all the three doshas in your body, (vata, Kapha & pitta **i.e Vata** is the energy of movement; **pitta** is the energy of digestion or metabolism and **Kapha**, the energy of lubrication and structure.) and it does so by positively charging the water.

By drinking this Tulasi water you activate the taste sense. Other benefits of drinking Tulasi water from a copper or silver vessel also includes a cure for sore throats, fever & cold, coughs, respiratory disease and the formation of kidney stone. Heart Disorder chances are going to be reduced.

**8. Doing Pradakshina around the Garbhagriha**

Finally, after performing all the above rituals you've got to steer round the idol inside the Garbhagriha, the innermost chamber of the temple in a clockwise direction ninefold. Pradakshina literary means right side in Sanskrit.

The idol inside the Garbhagriha absorbs all the energy from the bell sound, camphor heat, and vibrates the positive energy within the Garbhagriha for a particular duration of your time. Once you do the pradakshina at this point of time, you tend to soak up these positive vibrations once your five senses are activated.

### 9. Applying Tilak/Kumkum given by the Priest

On the forehead, between the 2 eyebrows, maybe a spot that's considered a serious nerve point within the physical body since the past. The Tilak is believed to stop the loss of "energy", the red 'kumkum' between the eyebrows is claimed to retain energy within the physical body and control the varied levels of concentration. While applying kumkum the points on the mid-brow region and Ajna-chakra are automatically pressed. This also facilitates the blood supply to the face muscles.

### 10. Why offer Coconut and Banana to God once you visit Indian temples?

Coconut and Banana are the sole two fruits during this world that are considered to be "Sacred fruits". All other fruits are tainted fruits (partially eaten fruits). For instance, the fruit tree grows from the seed of another eaten fruit, which fruit is treated as tainted. In the case of coconut and banana, the shell or the sleeves isn't used for anything. To grow a coconut, you've got to sow the whole coconut itself, and also the banana grows with the sampling. This is often the rationale why Coconut and Banana has acrucial place altogether in religious activities.

Our Ancestors had found this reality way back and that they had made it a system that's still followed '**religiously**'.

– રિધ્ધી ભાવેશ શાહ, ભૂજ
મો. ૯૭૧૪૪ ૫૮૯૫૫

## શ્રી વાયુ દેવતા મંદીર, વડોદરા

શ્રી વાયુ દેવતા મંદીર, વડોદરાને નીચે પ્રમાણે ભેટ મળેલ છે.

(૧) રૂા. ૩૦૦૦/– સ્વ. વસંતબેન મોહનલાલ પારેખના સ્મરણાર્થે, ત્રણ માસના અખંડ દીવાના ઘી માટે (સપ્ટેમ્બર થી નવેમ્બર ૨૧), હસ્તે શ્રી મુકુંદભાઈ એમ. પારેખ અને શ્રી દીલીપભાઈ એમ. પારેખ.

(૨) ૧ સાડી માતાજીન માટે શ્રીમતી બેલાબેન નિરજકુમાર પરદેશી તરફથી આભાર સાથે.

**– શ્રી વાયુદેવતા મંદીર – વડોદરા**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ
## નવરાત્રિ મહોત્સવની આરતીની ઉછામણી

નવરાત્રિ મહોત્સવમાં આરતીનો લાભ લેવા માટે ઉછામણી તા. ૩/૧૦/૨૦૨૧ ના રવિવારે ૧૧.૦૦ વાગ્યે જ્ઞાતિના હોલમાં રાખેલ છે. દરેક જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

**–રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**

## આટલું જરૂર કરીએ ...

✣ કુટુંબના સારા પ્રસંગે 'વાયડામિત્ર'ને યાદ કરીને યથાશક્તિ નાની ભેટ જરૂર મોકલાવીએ.

✣ સરનામામાં ફેરફારની જાણ તુરંત કરી નવું સરનામું આપીએ.

✣ લાઈફ મેમ્બરનું અવસાન થાય તો 'વાયડામિત્ર'ને જાણ કરી 'વાયડામિત્ર' બંધ કરાવીએ અને ઘરનાં અન્ય સભ્યનાં નામે મેમ્બર બની 'વાયડામિત્ર' સાથેનો અતૂટ નાટો રાખીએ.

✣ 'વાયડામિત્ર' ન મળે તો વ્યવસ્થાપકને વ્હોટસ્અપ અથવા એસ.એમ.એસ. થી જાણ કરી 'વાયડામિત્ર' મંગાવીએ.

## વિશા વાયડા વણિક પંચ ભરૂચ – વાયડ માતાજીનું મંદિર

ભરૂચમાં બંધાનાર વાયડ માતાજીનું મંદિરનું કામકાજ ચાલી રહ્યું છે. તેમાં ભારત તથા બહાર વસતા જ્ઞાતિજનો તરફથી સારો સહકાર મળી રહ્યો છે. જુલાઈ મહિનામાં આવેલ દાતાઓની યાદી પ્રસ્તુત થયા બાદ પણ જ્ઞાતિજનો તરફથી દાનનો પ્રવાહ વહી રહ્યો છે. જેમના નામોની યાદી નીચે પ્રમાણે છે. તે સૌનો ભરૂચના જ્ઞાતિજનો આભાર માની સહર્ષ સ્વીકાર કરે છે.

| | | |
|---|---|---|
| સ્વ. રસિકલાલ એમ. પરીખ તથા સ્વ. યજ્ઞકલાબેન આર. પરીખના તથા સ્વ. હરીશભાઈ આર. પરીખના સ્મરણાર્થે સ્મરણાર્થે હ. ગીતાબેન આર. પરીખ | ભરૂચ | ૧૧,૦૦૦/– |
| સ્વ. હરીશભાઈ આર. પરીખ તથા સ્વ. રસિકલાલ એમ. પરીખ તથા યજ્ઞકલાબેન આર. પરીખના સ્મરણાર્થે હ. ચંદ્રિકાબેન એચ. પરીખ | ભરૂચ | ૧૧,૦૦૦/– |
| ડો. સુરેશભાઈ આર. પરીખ તથા ક્રીષ્નાબેન એસ. પરીખ પરિવાર | યુ.એસ.એ | ૨૫,૦૦૦/– |
| સ્વ. ડો. રસિકલાલ એમ. પરીખ, સ્વ. યજ્ઞકલાબેન આર. પરીખ સ્વ. હરીશભાઈ આર. પરીખના સ્મરણાર્થે હ. ડો. સુરેશભાઈ આર. પરીખ તથા ક્રીષ્નાબેન એસ. પરીખ તરફથી | યુ.એસ.એ. | ૨૫,૦૦૦/– |
| ચંદ્રવદનભાઈ જે. ગંભીરવાલા | મુંબઈ | ૫૦૦/– |
| સ્વ. અરવિંદભાઈ એમ. શાહ તથા સ્વ. પ્રવિણાબેન એ. શાહના સ્મરણાર્થે હ. નિલેષભાઈ એ. શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦/– |
| ગોપાળભાઈ જયંતિલાલ શાહ | ભરૂચ | ૧,૦૦૧/– |
| અનિલાબેન અશ્વિનભાઈ પરીખ તથા અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ | અમદાવાદ | ૧૦,૦૦૦/– |
| રીટાબેન દુષ્યંતભાઈ શાહ | અમદાવાદ | ૫,૦૦૦/– |
| નિરવભાઈ આર. દલાલ તથા સપનાબેન એન. દલાલ | ભરૂચ | ૧૧,૦૦૦/– |

| | | |
|---|---|---|
| ભારતીબેન મહેશભાઈ શાહ તથા મહેશભાઈ એ. શાહ | ભરૂચ | ૫,૦૦૦/- |
| મિતુલભાઈ ભરતભાઈ ગાંધી | વડોદરા | ૫,૦૦૧/- |
| સ્વ. રશ્મિકાબેન કિશોરભાઈ મારફતીયાના સ્મરણાર્થે<br>હ. ઉન્મેષભાઈ તથા પ્રજ્ઞેશભાઈ મારફતીયા | ભરૂચ | ૨૫,૦૦૦/- |
| પ્રિતીબેન દલાલ | ભરૂચ | ૨,૫૦૦/- |
| સ્વ. રાધાબેન નટવરલાલ શ્રોફના સ્મરણાર્થે<br>હ. હર્ષદભાઈ શ્રોફ | વડોદરા | ૨૫,૦૦૧/- |
| સ્વ. જયાબા તથા સુમંતલાલ ભોગીલાલ દલાલના સ્મરણાર્થે<br>હસ્તે બૈજુ, અલ્પા, કેતન અને આનંદ | મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| સ્વ. સરોજબહેન કિરણચંદ્ર દલાલના સ્મરણાર્થે<br>હસ્તે બૈજુ, નિકીતા, ખુશી અને સગુન | મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |

આ પ્રમાણે દાતાઓ દાનનો પ્રવાહ વહાવી રહ્યા છે. જેથી ભરૂચના જ્ઞાતિજનોમાં તથા ટ્રસ્ટીઓમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. મંદિરના બાંધકામમાં ટ્રસ્ટીઓ અંગત રસ લઈ રહ્યા છે અને દિવાળી સુધીમાં મંદિરનું બાંધકામ પૂર્ણ કરવા કટીબધ્ધ છે. જ્ઞાતિજનોને ફાળો નોંધાવવા માટે નીચે પ્રમાણે ટ્રસ્ટીઓના નામ તથા મોબાઈલ નંબર અને બેંકમાં જમા કરાવવા અંગેની વિગતો આપેલ છે. જ્ઞાતિજનો તરફથી સારો સહકાર સાંપડી રહ્યો છે.

વિશા વાયડા વણિક પંચ

બેંક ઓફ બરોડા, ભરૂચ મેઈન બ્રાંચ, ભરૂચ

એકાઉન્ટ નં. ૦૨૨૦૦૧૦૦૦૨૫૮૯૫

આઈએફએસસી કોડ : BARB0(zero)BROACH

ટ્રસ્ટીઓના નામ

| | |
|---|---|
| મહેન્દ્ર આર. ચોક્સી | ૯૮૯૮૦ ૨૬૦૪૫ |
| વિપુલ ચીમનલાલ દલાલ | ૯૮૨૪૦ ૫૨૨૩૨ |
| હેમંત આર. મારફતીયા | ૯૮૨૫૦ ૨૬૦૦૭ |
| આસિત વાય. તોલાટ | ૯૮૨૪૪ ૬૩૬૧૩ |

## Receipts till 26 / 08 / 2021

| | | | |
|---|---|---|---|
| 33 | AASHISHBHAI H KASHIPAREKH | 800 | Panel advertisement |
| 34 | AMIBEN PARIKH | 800 | Panel advertisement |
| 35 | PALLAVIBEN CHINUBHAI SHAH | 800 | Panel advertisement |
| 36 | INDUBHAI SHAH & BROTHERS | 2250 | Panel advertisement + Diwali advertisement |
| 37 | SHUBH CORPORATION | 650 | Diwali advertisement |
| 38 | HARISHBHAI RAMJIBHAI VAYADA | 800 | Panel advertisement |
| 39 | DRUPAD SECURITIES | 2000 | Community Messanger Advertisement |
| 40 | PRAVINBHAI HARIDAS SHAH | 800 | Panel advertisement |
| 41 | AMARBHAI ASHOKBHAI PARIKH | 2000 | Community Messanger Advertisement |
| 42 | INDUBHAI SHAH & BROTHERS | 15000 | Title 4 advertisement |
| 43 | HARSHADBHAI G PARIKH | 800 | Panel advertisement |
| 44 | LABH POLYMERS | 650 | Diwali advertisement |
| 45 | DIPAK TRADERS | 650 | Diwali advertisement |
| 46 | RAJIVBHAI SHAH | 2501 | Patron Membership Fee |

FOLLOWING ENTRIES ARE FOUND IN SAMAJ BANK STATEMENT BUT WE CAN'T TRACE WHO HAS TRANSFERRED MONEY SO WE REQUEST TO GIVE INFORMATION FOR THAT

| | | |
|---|---|---|
| 8/25/2021 | 800 | MISHIKA SHAH |

– વ્યવસ્થાપક

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

અમદાવાદ : પ્રાચી રોનકકુમાર શાહ, પ્રથમ ક્રમાંક, PGCET (Entrance test for P.G. Course) in Electronics & Communications.

## લગ્ન

અમદાવાદ : શ્રી દિપકભાઈ મહેન્દ્રભાઈ શાહના સુપુત્ર ચિ. અનિષના હૈદરાબાદ નિવાસી શ્રી કેશવભાઈ રેડ્ડીની સુપુત્રી ચિ. નિધિ સાથે તા. ૧૧–૮–૨૧નાં રોજ. આ પ્રસંગે શ્રી દીપકભાઈ તરફથી વાયડામિત્ર ને રૂા. ૧૦૦૦/– ભેટ મળેલ છે.

## અવસાન

ભૂજ – કચ્છ : મહેન્દ્રભાઈ કરસનદાસ શાહ, ઉ. વ. ૬૧, તા. ૪–૫–૨૧.

ભૂજ – કચ્છ : લાલજીભાઈ જેઠાલાલ શાહ, ઉ. વ. ૮૨, તા. ૨૧–૭–૨૧.

## અભિનંદન

Indo-American Senior citizen Centre of New York, INC દ્વારા જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યાં હતાં. આપણા વાયડામિત્રના કટાર લેખક **શ્રી હિમાંશુભાઈ શાહ**ને Unknown Krishna Stories ઉપર વ્યક્તવ્ય આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. જે વ્યક્તવ્ય તેમણે Zoom App ના માધ્યમથી આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું રેકોર્ડિંગ Youtube ઉપર upload કરેલ છે. જેની લીક https://youtu.be/TnLcRGYRaqU છે.

## દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી 'વાયડામિત્ર' પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી 'વાયડામિત્ર'ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. અમે તે સૌનાં આભારી છીએ. વાયડામિત્રને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- આ વર્ષે દિવાળી અંક **૨૫મી ઑક્ટોબરે** પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.
- દિવાળી અંકનાં અંદરનાં પાનાંઓમાં આગલા વર્ષે જેમની જા.ખ. છપાઈ હોય તેમની જા.ખ. બીજા વર્ષે પણ રિપીટ કરવામાં આવે છે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો તા. ૨૫-૦૯-૨૦૨૧ સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ (૨,૩,૪) ઉપર ઘણાં ભાઈ-બહેનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૩૦૦૦/- તથા ૬(છ) ઈનર કવર પેજનો દર રૂ. ૨૦૦૦/- રાખેલ છે. ૨૫-૦૯-૨૦૨૧ પહેલાં જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને મલ્ટી કલર પેજ છાપવાનો દર **રૂ. ૧૫૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ. ૬૫૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ. ૩૫૦/-** છે.
- દિવાળી અંક માટેની જા.ખ. ફક્ત jpeg ફાઈલમાં મોકલવાની રહેશે.
- જા.ખ.ની સાઈઝ 12 cm (W) x 16 cm (H) ની રહેશે.
- **દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની છેલ્લી તારીખ ૨૫-૦૯-૨૦૨૧ છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા જેની સૌ વાચકમિત્રો એ સવિશેષ નોંધ લેવી.**

**- વ્યવસ્થાપક**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૯/૨૦૨૧



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર
તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK**

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH